# ઈલ્મનો ખજાનો

## ભાગ-૫

: લેખક :

અલ્લામા નસીરૂદ્દીન 'નસીર' હુંઝાઈ

: અનુવાદક :

અકબર હબીબ રાજન

: પ્રકાશક :

ખાનાએ હિકમત-ઈદારાએ 'આરિફ'

# ઈલ્મનો ખજાનો

## ભાગ-૫

લેખક

અલ્લામા નસીરૂદ્દીન 'નસીર' હુંઝાઈ

□

અનુવાદક

અકબર હબીબ રાજન

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

પ્રકાશક

ખાનાએ હિકમત-ઈદારાએ આરીફ

૩-A, નૂર વીલા, ૨૬૯, ગાર્ડન વેસ્ટ,

કરાચી-૩.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| (૧) | શરૂઆતના શબ્દો | ૩ |
| (૨) | સુરહ રહેમાનમાંથી અમુક તાવીલો | ૧૧ |
| (૩) | સુરહ દહરની અમુક હીકમતો | ૨૧ |
| (૪) | હદીસની અમુક હીકમતો | ૩૦ |
| (૫) | કુરઆને પાક ઈસ્મેઆઝમમાં | ૩૪ |
| (૬) | હમાવસ્ત (શેખ ફરીદુદ્દીન અત્તારના દીવાન)માંથી | ૪૮ |


★ ★ ★

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

## શરૂઆતના શબ્દો...

અલ્લાહતઆલાના ફઝલો કરમથી અને નબી (સ.અ.સ.)ના નૂરની રૂહાની મદદ અને સહાય વડે આજે મંગળવાર, તા. ૨૫ ઓક્ટોબર, ૧૯૭૭ના રાત્રીના સવા બાર વાગે "પંજ મકાલા નંબર ૫"ની પ્રસ્તાવના લખી રહ્યો છું; અને ઈન્શાઅલ્લાહ તઆલા આ પુસ્તક પણ ઘણું જલ્દી પ્રગટ થઇ જશે. ખુદા કરે કે ઈમાનવાળાઓને આ પુસ્તકના અભ્યાસથી ફાયદો થાય.

### હકીકી ઈસ્માઈલી પુસ્તકો :

હું અહી ફક્ત મારાં જ પુસ્તકો, મકાલાઓ અને લેખોની ઓળખ કરાવું તેના બદલે કેમ ન સઘળા હકીકી ઈસ્માઈલી પુસ્તકોના વખાણ કરૂં કે જેથી અતિ ફાયદામંદ સલાહની વાતો જે હું બતાવવા ઈચ્છું છું તે એટલા માટે કે પોતાની જાતના વખાણ અને અભિમાનની શંકા–કુશંકાઓથી દૂર રહેવા અને સાથે સાથે સાચા ઈલ્મના કદરદાનોને ફાયદો પહોંચાડનાર વર્તુળ વધુ વિકસે તેવા હેતુથી નીચે મુજબ એવા ઈસ્માઈલી પુસ્તકોના વિષે જણાવું છું :

(૧) આ ન ફક્ત દાવો છે બલ્કે એ સત્ય પણ છે કે ઈસ્માઈલીયત એટલે કે ઈસ્માઈલી મઝહબનો રસ્તો વાણી અને વર્તનના હીસાબે સીરાતે મુસ્તકીમ છે. એટલે કે સીધો–સાચો રસ્તો છે. અર્થાત

આજ રસ્તો ઈલ્મ અને હીકમત તથા હીદાયત અને માર્ગદર્શનનો રસ્તો છે કે જેનાથી મારફત અને નજાત એટલે કે મુક્તિ મળે છે, તો પછી આ મઝહબના પુસ્તકો સચ્ચાઈ અને હીકમતનું પ્રતિબિંબ કેમ ન પાડે અને કેમ તેનું પ્રતિનિધિત્વ ન કરે.

(૨) ઈસ્માઈલી પુસ્તકો કુરઆન અને હદીસની જાહેરી અને બાતિની હીકમતો તથા હકીકતોથી ભરપૂર છે, કારણ કે આ પુસ્તકો અસલમાં સતપંથના ઈમામો અલૈહીસ્સલામના પાક-પવીત્ર ફરમાનોના પ્રકાશમાં લખાણા છે.

(૩) આપણા બુઝુર્ગ અને માનવંતા પીરોએ પોતપોતાના વખતના ઈમામની નૂરાની સહાય વડે જ્ઞાન અને કેળવણીનો અતીશય યોગ્ય અને ખૂબ જ મજબૂત પાયો રાખ્યો છે અને તેવણ માનવંતોએ આ વિષયમાં ઘણી જ કુરબાનીઓ દઈને ઘણું બધું કર્યું છે, જેના પરિણામ રૂપે જ્ઞાન અને હીકમતનો એ કીલ્લો (ગઢ) મજબૂતથી વધુ મજબૂત થતો ગયો.

(૪) એ સત્ય છે કે ઈમામે ઝમાનનું પવીત્ર નૂર હીદાયત અને માર્ગદર્શનનું મૂળ પણ છે અને ઈલ્મ તથા હીકમતનો ભંડાર પણ છે. પરંતુ કેમકે તેવણ દીન-મઝહબના શહેનશાહ છે તેથી હીદાયતનું કામ તો સદા પોતે જ કરે છે અને ઈલ્મ-જ્ઞાનના શીક્ષણની સેવા લગભગ દરેક વખતે હુજ્જત, દાઈ અથવા પીર બુઝુર્ગ, જ્ઞાની અને શીક્ષક (ટીચરો)ને સુપ્રદ કરી દયે છે. એ સ્વરૂપમાં આ દીનના હુદ્દો એટલે કે મઝહબનું જ્ઞાન આપનારાઓનું જ્ઞાન અસલમાં ઈમામ (અ.સ.)નું જ જ્ઞાન હોય છે, અથવા એમ સમજવું જોઈએ કે બરહક ઈમામ

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

(અ.સ.) પોતાના ઈલ્મના પ્રતીનિધિને નૂરાનીયતના તરીકાથી ઈલ્મ–જ્ઞાન દઈ શકે છે, જો તમારા મત મુજબ આ વાત વ્યાજબી છે તો પછી તમો વિચારો કે હકીકી પુસ્તકોમાં કોની વાતો છે ?

(૫) હકીકી પુસ્તકોના આ ગૂણો છે કે જેનો ઉપર ઉલ્લેખ કરવામાં આવ્યો તે છતાં ક્યારે ક્યારે કોઈ પુસ્તકમાં એકાદી કમજોરી પણ હોઈ શકે છે, પરંતુ ઈમામે ઝમાન અલૈહીસ્સલામથી તેનો કોઈ સંબંધ નથી અને ન તો એટલી નાનકડી વાતમાં કોઈ વજન હોઈ શકે છે કે જેથી પૂરા પુસ્તકની દિશા હક–સચ્ચાઈના તરફથી ફરી જાય, માટે માનવીની ભૂલ તો માફ થઈ શકે છે પણ ઈરાદા અથવા નીય્યત નહિ.

(૬) જો તમો કોઈ હકીમ, ફીલ્સુફ, દીનના આલીમ, જ્ઞાની, કવિ (શાયર) વિગેરેનો દૃષ્ટિકોણ સમજવા ઈચ્છો છો તો તેના સઘળા પુસ્તકો અને લેખોને એકત્ર કરીને તેનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરો કે જેથી જાણાય કે તેણે પોતાના લેખો વર્ણનોના વિષે જ્યાં જ્યાં ઈશારા કર્યા છે તેના ખુલાસાઓ ક્યાં ક્યાં મળે છે ? જે સવાલો ઉદ્‌ભવ થયા છે તેના જવાબો મળે છે કે નહિ ? તે પોતાના દૃષ્ટિકોણ ઉપર કાયમ છે કે ધીમે ધીમે બદલાતો ગયો છે ? અને જો તેમાં ફેરબદલી જણાય છે તો તે પ્રગતી છે કે કોઈ અન્ય બાબત છે ? વિગેરે વિગેરે, કે જેથી તમારા આ સંશોધનની યોજના ઉપર અમલ કરવાથી ન ફક્ત જ્ઞાન પ્રાપ્ત થશે પરંતુ તેની સાથે સાથે તમારા મન–મગજમાં સંશોધન (રીસર્ચ)ની જુદી જુદી આવડતો પણ વધશે, (ઉત્પન્ન થશે.)

(૭) જ્ઞાન અને હીકમત જુદાં છે વ્યક્તિત્વ અને ખ્યાતી જુદાં

છે, જો કે અમુક વખતે આ બેઉ વસ્તુઓ કોઇ માનવીમાં ભેગી થઇ જવાથી લોકોને લાભ થાય છે અને તે એ કે તેઓ સરળતાથી ઈલ્મ-જ્ઞાનના તરફ રજૂ થઇ જાય છે પણ જ્યારે વ્યક્તિત્વ અને ખ્યાતી અસલી અને સાચા નહી પણ બનાવટી અને ખોટા હોય છે અને તેનો હેતૂ નીચલા દરજ્જાના જ્ઞાનને વધારીને દેખાડવાનો હોય છે તો તેવી સ્થિતિમાં એવા લોકોનું ઘણું મોટું નુકસાન થાય છે અને તેઓ અસલીયત તથા હકીકતથી વંચિત અને દૂર રહી જાય છે.

(૮) મઝહબી પુસ્તકો જાણે  કે જન્નતના બગીચા છે, તેમાં અક્કલ અને જ્ઞાનના અતી ઘણા મીઠા ફળ અને રંગબેરંગી સુવાસિત ફૂલો કોઇ પણ જાતના ખાસ મોસમ વગર હંમેશા હંમેશાના માટે મૌજૂદ અને પ્રાપ્ત હોય છે આ બગીચાના હકીકી માલિક ઈમામ (અ.સ.) છે અને તેવણની આજ્ઞાથી જેમણે આ પુસ્તકોની રચના કરી છે અને તેને પૂર્ણ કર્યા છે તેઓ ફક્ત બાગબાનો એટલે કે માળીની હેસીયતથી છે.

(૯) જ્યારે એ વાત ઈસ્લામની માન્યતામાં એક મૂળ સત્ય છે કે રસૂલ (સ.અ.સ.) ખુદાના ખલીફા (પ્રતિનિધિ) છે અને ઈમામ (અ.સ.) રસૂલ (સ.અ.સ.)ના ખલીફા છે તો પછી દીનના આ અટળ કાનૂનમાં કોઈને શું શંકા હોઈ શકે છે કે મઝહબની સઘળી વ્યવસ્થા ખીલાફત અને પ્રતિનિધિત્વ અને જાનશીન ઉપર જ રહેલી છે, જેનો અર્થ એમ થયો કે જમાતનું કામ કરનારી સઘળી સંસ્થાઓ અને ખાસ સેવા કરનારા વ્યક્તિગત લોકો ઈમામે ઝમાનના પ્રતિનિધિ અને ખલીફા તરીકે છે. જાહેરમાં તેમના નામો કંઇ પણ હોય પણ એ પ્રતિનિધિત્વની આ વ્યવસ્થાથી જરાયે અલગ નથી હોઈ શક્તા અને આ પ્રકારમાં

પણ તેજ હકીકત સામે આવે છે કે ઈમામના, જ્ઞાનના પ્રતિનિધિઓના હકીકી પુસ્તકો જાણે કે ઈમામના હાથે લખેલા છે, જ્યારે કે ઈમામની દરેક સ્થાપિત કરેલી સંસ્થા અને દરેક પ્રતિનિધિ જમાતી કામના કારણે મૌલાનો હાથ છે અને મઝહબી હીદાયત સ્વરૂપે મૌલાની જીભ છે.

(૧૦) સુરહ ફાતિર (૩૫)ની આયત નંબર (૩૨)ની શીયા મત પ્રમાણેની તફસીર પરથી સ્પષ્ટ થાય છે કે અલ્લાહ તઆલાએ હઝરત રસુલુલ્લાહ (સ.અ.સ.) પછી કુરઆનનો વારસો પવીત્ર ઈમામો (અ.સ.)ને અર્પણ કરેલો છે અને હકીકી પુસ્તકો કુરઆનના જ્ઞાન અને હીકમત ઉપર આધારિત હોય છે. આ રીતે એ જાણાયું કે નબુવ્વત અને ઈમામત કેન્દ્રસ્થાને છે અને કુરઆનનું કોઈ જ્ઞાન આ કેન્દ્રથી બહાર નથી અને જો કોઈ એવું જ્ઞાન નજરે પડે છે તો તે હઝરત રસૂલ (સ.અ.સ.) અને ઈમામો (અ.સ.)ના પાક ફરમાનો થકી છે. આમ એ સાબિત થયું કે હકીકી જ્ઞાનના માલિક ઈમામે ઝમાન છે અને જો કોઈ બીજા પાસે આ જ્ઞાનનો કંઈક ભાગ નજરે પડે છે તો તે ઈમામ તરફથી આપેલું દાન (અતીયા) છે.

## આ પુસ્તકની મહત્ત્વતા :

આ પુસ્તકનો પહેલો વિષય છે "સુરહ રહેમાનમાંથી અમુક તાવીલો". આ સુરહની મહત્ત્વતા અને ફાયદા એ છે કે તેની બાતિની અને અર્થસભર હેસીયતમાં જે મહાન અને અતીશય સુંદર રૂહાની ન્યામતોનો હીકમત ભરેલો ઉલ્લેખ કરેલો છે તેને લીધે આ સુરહનું નામ ઉરૂસુલ કુરઆન (કુરઆનની નવોઢા) પ્રખ્યાત છે. અહી આ સુરહની ત્રણ રૂકુમાંથી બેની તન્ઝીલ અને તાવીલનો ઉલ્લેખ કરેલો છે.

ISW Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

બીજો નિબંધ સુરહ દહર સંબંધે છે જેમાં સર્વ પ્રથમ માનવીની અઝલી અને અબદી (પ્રારંભિક) સચ્ચાઇ એટલે કે "અના"નો ઉલ્લેખ છે કે માનવીની 'ખુદી' (તેની જાત-વ્યક્તિત્વ)ની રચના થયા અગાઉ તે એક એવી અનુપમ સચ્ચાઇ હતી કે તેનું ન તો કોઇ નામ હતું ન તો કોઇ નીશાન, જેમકે મૌલાના રૂમ કહે છે "મન આં રોઝ બુદમ કે અસ્મા નબુદ, નીશાન અઝ વજૂદે મુસમ્મા નબુદ". અર્થ :- હું તે વખતે પણ હતો કે જ્યારે નામો નહી હતા, નામોની હસ્તીની કોઇ નીશાની નહી હતી. એક રીવાયત પ્રખ્યાત છે કે આ પૂરી સુરહ હઝરત અમીરૂલ મોમનીન, હઝરત બીબી ફાતીમા ઝોહરા અને હઝરત હસન તથા હુસેન અલૈહીમુસ્સલામની શાનમાં નાઝીલ થઇ છે.

ત્રીજો નિબંધ "હદીસે મુમાસ્લતે હારૂની" છે કે જે ઇમામતની કલ્પનાની ચાવી રૂપી હદીસોમાંથી છે, જેના પ્રકાશમાં દૃષ્ટિપાત કરવાથી, તે સઘળી કુરઆનની આયતો વડે કે જે હઝરત હારૂન અલૈહીસ્સલામના વિષે છે, એ સાબિતી મળે છે કે સઘળા અંબીયાઓની સાથે પણ અને તેમના પછી પણ દીનમાં ઇમામનું હૈયાત અને હાજર રહેવું અતીશય જરૂરી કાર્ય છે, વળી તે આયતોથી એ સત્ય પણ પ્રકાશિત થઇ જાય છે કે પયગંબર અને ઇમામ રૂહાનીયત અને નૂરાનીયતમાં સદાયથી એક હોતા હોય છે.

ચોથો વિષય છે "કુરઆને પાક ઇસ્મે આઝમમાં". વિષય ઉપરથી જ તેની મહત્વતા સ્પષ્ટ છે કે કુરઆનની રૂહ અને રૂહાનીયત અલ્લાહતઆલાના મહાન નામોમાં છૂપાયેલી હોય છે માટે કુરઆનના રૂહાની પાસામાં સંશોધન કરીને તેનો ખુલાસો કરવો જરૂરી હતો કે જેથી ઇમાનવાળાઓને એક તરફ તો કુરઆનને ઓળખવામાં મદદ મળે અને

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

બીજી તરફ તેમના ઈબાદતના શોખમાં વધારો થાય અને તેઓ ખુદાના ઝીકરમાં (ઝીકરે ઈલાહીમાં) પ્રગતી કરે, કે જેથી તેઓ પોતાના બાતિનમાં જ બોલતા કુરઆનને (કુરઆને નાતિક્ને) પ્રાપ્ત કરી શકે.

આ પુસ્તક્નો પાંચમો અને છેલ્લો વિષય છે "હમાવસ્ત" આ ઘણો જ મહત્ત્વનો અને રસિક વિષય છે. આનાથી રૂહ અને ખુદાની હકીક્ત સમજવાના દ્વારો ઉઘડી જાય છે અને સૌથી ઊંચી હકીક્ત અર્થાત "હકીક્તુલ હકાઈક" વિષે જાણ થઇ જાય છે.

ખુદાવંદે બરહક્નો લાખ લાખ શુકર છે કે આજે આ પુસ્તક લેખિત પ્રકારે સંપૂર્ણ થયું અને આ પાંચ પાંચ નિબંધોના ક્રમાંકમાંનું છેલ્લું પુસ્તક છે. આ ક્રમ જાણે કે એક ખાસ કોર્સ છે અને આ પાંચ પુસ્તકોમાં (૨૫) પચ્ચીસ નિબંધો અને પ્રસ્તાવનાઓને પણ મેળવીને ૩૦ નિબંધો આ ઊચ્ચ દરજ્જાના અને ખૂબીઓથી ભરપૂર કોર્સના અતીશય શિસ્તબદ્ધ અને ખૂબ જ જાણકારી ભર્યા લેક્ચરો છે. તમો ઓછામાં ઓછું આ પાંચે પુસ્તકોના અભ્યાસનો કોર્સ અમલી રીતે ખૂબ જ મહેનતથી પૂરો કરીને જુઓ કે મારો દાવો વ્યાજબી છે કે નહી. મને ખાત્રી છે કે જો તમોએ જેમકે હોવું જોઇએ તેમ પૂરી જવાબદારી અને ફરજભાન સાથે આ કોર્સને પૂરો કરી લીધો તો તમારા જ્ઞાનમાં જબરદસ્ત વધારો થશે અને તમારા ઘણા સવાલો જાણમાં આવીને અને અજાણપણામાં પણ ઉકેલાઇ જશે.

હું સાચા દીલથી આભારી છું તે દીનદારો, મિત્રો અને સ્નેહીઓનો કે જેમના અતી ઘણા સહકાર વગર મારી આ જ્ઞાન માટેની સેવા આગળ નહી વધી શકી હોત. હું એ વાતથી બેહદ ખુશ છું કે

અહીં તે અકીદતમંદોને ખૂબ જ કદરદાની સહીત યાદ કરી રહ્યો છું જેમને મઝહબી જ્ઞાન ખૂબ જ વહાલું છે, તેઓ વખત આવ્યે આ ભૌતિક દૌલત ઉપર જ્ઞાનની દૌલતને વધારે મહત્ત્વ આપે છે. તેમની દૃષ્ટિમાં ઈલ્મ-જ્ઞાન જ હકીકી દૌલત છે અને અનંત ઈઝઝત છે અને એ જ કારણે તેઓ પુસ્તકોને અસલ ખજાનો ગણાવે છે. આવો આપણે સઘળા મળીને રબ્બુલ ઈઝઝતની બારગાહમાં આજીઝીપૂર્વક દુઆ માગીએ કે ઓ ખુદાવંદે આલમ ! તું પોતાની અગાધ રહેમત થકી ઈલ્મની સેવા કરનારાઓ અને શુભેચ્છકોને બધી આફત-બલાઓથી પોતાની પનાહમાં રાખજે. તેઓની સઘળી નેક ઉમેદો પૂરી કરજે અને તેમને બન્ને જગતમાં શાંતિ અને ખ્યાતી તથા ભલાઈથી ભરપૂર રાખજે. (આમીન યા રબ્બલ આલમીન)

ફક્ત આપનો પ્રેમી સેવક

## નસીરૂદ્દીન નસીર હુંઝાઈ

૧૩ ઝીલકાદ ૧૩૯૭

(૨૬ ઓક્ટોબર ૧૯૭૭ ને બુધવાર)

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

# સૂરહ રહેમાન (૫૫)માંથી અમુક તાવીલો

## બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

**તન્ઝીલ ૧** : રહેમાને (દયાળુ અલ્લાહે) કુરઆન શીખવ્યું.

**તાવીલ** : રહેમાન ખુદાએ (કુરઆનનું આ શિક્ષણ) કુરઆનની આ કેળવણી સૌથી પ્રથમ કોને દીધી ? અને આ ક્યારની વાત છે ? ખુદાવંદતઆલાએ આ શિક્ષણ–આ કેળવણી અઝલમાં એટલે કે આરંભમાં અવ્વલ અકલ એટલે કે પ્રથમ અકલને દીધી, જેને અકલે કુલ ઈલાહી કલમ પણ કહેવાય છે.

**તન્ઝીલ ૨** : તેણે મનુષ્યને પેદા કર્યો, તેને બોલતા શીખવ્યું (પોતાના વિચારો સ્પષ્ટ બોલોમાં જાહેર કરતા શીખવ્યું.)

**તાવીલ** : આ મનુષ્ય કોણ છે અને તે બોલવાની કળા (બોલવું) ક્યા પ્રકારનું છે ? આ મનુષ્ય બીજી અકલ છે (એક અથવા અવ્વલ પછીની બીજી અકલ) જેને નફસે કુલ અને લોહે મહેફુઝ પણ કહે છે. અલ્લાહ તઆલાએ સર્વ પ્રથમ તેને જ જ્ઞાન–ઈલ્મ વર્ણવ્યું, અર્થાત તાવીલ શીખવી.

**તન્ઝીલ ૩** : સૂર્ય તથા ચંદ્ર એક (ઠરાવેલી) ગણત્રી પ્રમાણે (ચાલે) છે અને વેલ તથા વૃક્ષો બન્ને (તેને) સિજદો કરે છે.

**તાવીલ** : સૂર્ય નાતિક છે અર્થાત છેલ્લા ઝમાનાના નબી (સ.અ.સ.) અને ચંદ્ર અસાસ છે અર્થાત અલી મુર્તઝા (અ.સ.) જેની

તન્ઝીલ અને તાવીલ એક બીજાંથી સંબંધ ધરાવે છે એટલે કે જોડાયેલી છે અને બન્નેનો હેતૂ એક જ છે અને વેલ (બેલ–બુટા)નો અર્થ છે લોકો (જેને સર્જવામાં આવ્યા છે)ની રૂહો અને વૃક્ષોનો અર્થ છે હુદૂદે દીન, આ સઘળા પોત પોતાની રીતે ખુદાની આગળ સિજદા એટલે તેની તાબેદારી (ઈતાઅત) કરે છે.

**તન્ઝીલ ૪** : અને તેણે જ આકાશ ઊંચું કર્યું છે અને તેણે જ ત્રાજવાની સ્થાપના કરી છે કે જેથી તમો તોલવામાં ઓછું વધુ ન કરો અને તોલ માપને ન્યાયસર કાયમ રાખો અને ઓછું તોલ તોલો નહિ.

**તાવીલ** : રૂહાનીયતની ધરતીને નીચાણપણાથી (નીચેથી) ઉપાડીને આસમાનનો દરજ્જો દીધો અને જ્ઞાન તથા હીકમતનું ધોરણ એ જ આસમાનમાં રાખ્યું અને જો જ્ઞાન અને હીકમત તથા માર્ગદર્શન અને હીદાયતની આ કસોટી રૂહાનીયતની ધરતી ઉપર (જમીન ઉપર) રાખવામાં આવતે તો તેના વપરાશમાં ઓછું વધુ થઈ જાત (વધઘટ થઈ જાત) માટે આ ત્રાજવું રૂહાનીયતના ઊંચા દરજ્જાઓને સુપ્રત કરવામાં આવ્યું. અહી સઘળા હુદૂદે દીન એટલે કે દીન ફેલાવનારાઓ પીર–પયગમ્બરોને સંબોધવામાં આવ્યા છે અને સર્વેના કામોને એક ગણાવવામાં આવ્યા છે અને ફરમાવવામાં આવ્યું છે કે તમારા માટે સરળતા અને યોગ્યતા તેમાં જ છે કે તમો હકીકતો અને મારફતોના ત્રાજવાને તમારાથી ઊંચી મર્યાદા ધરાવનાર એટલે કે ઈમામે ઝમાનના વસીલાથી કામમાં લાવો.

**તન્ઝીલ ૫** : અને તેણે જ પૃથ્વીને (ધરતીને) પ્રાણી

માત્રને માટે સ્થાપી છે.

**તાવીલ** : રૂહાનીયતની ધરતીને પહોંચી શકાય એવી બનાવી અને તે રૂહાનીયતના આકાશની જેમ ઊંચી અને મુશ્કેલ નથી કે જેથી જેઓ અશક્ત છે, શું પોતાના અને શું પરાયા સઘળા તેનાથી ફાયદો મેળવી શકે.

**તન્ઝીલ ૬** : તે (પૃથ્વી)માં મેવા છે અને ખજૂરના વૃક્ષો પણ જે (ના ફળ) ઢંકેલા ઝુમખાવાળાં છે અને ફોતરાવાળું અનાજ (પણ હોય છે) અને ખોરાકની વસ્તુ (પણ) છે.

**તાવીલ** : અર્થાત કે આ રૂહાની ધરતીમાં રૂહાની પ્રકારનો ખોરાક અને ખુશી તથા આનંદની વસ્તુઓ છે, અને તેનો ફાયદો સરળતાથી અને કોઇ પણ તકલીફ વગર પ્રાપ્ત થઇ શકે છે પણ કંઇક વસ્તુઓ એવી છે જેની તાવીલ જરૂરી છે, જેમકે અમુક મેવાઓ અને અનાજ, જેમકે અમુક મેવાઓની ઊપર ચાદર (ઢાંકણ) હોય છે અને અનાજને તો ઘણી પ્રક્રીયા (ઘણા કાર્યો)માંથી પસાર થયા બાદ ખાવામાં લઇ શકાય છે.

**તન્ઝીલ ૭** : છતાં (હે ઇન્સાનો તથા જીન્નાતો) તમો તમારા પરવરદીગારની કઇ કઇ ન્યામતોને જુઠલાવશો એટલે કે નકારશો.

**તાવીલ** : છતાં ઓ લતીફ અને કસીફ (રૂહાની અને જીસ્માની) સર્જનો (લોકો) તમો તમારા પાલણહારની મજકૂર ન્યામતોમાંથી કઇ કઇ ન્યામતો બાબત નકાર કરશો જ્યારે કે સઘળી ન્યામતો તમારા ફાયદા માટે પેદા કરવામાં આવી છે. રૂહાનીયતના

આકાશ અને ધરતી અને તે સઘળી વસ્તુઓ જે તેમાં છે તે દરેક રૂહાની અને જીસ્માની સર્જનના માટે ન્યામતો છે.

**તન્ઝીલ ૮** : તેણે જ મનુષ્યને ખણખણ કરતી ચીકણી માટીમાંથી પેદા કર્યો અને તેણે જ જીન્નાતને અગ્નિ જવાળામાંથી પેદા કર્યા, છતાં તમો બન્ને (મનુષ્ય અને જીન્નાત) તમારા પરવરદીગારની કઈ કઈ ન્યામતોને નકારશો.

**તાવીલ** : આ ઈશારો મનુષ્યની રૂહાની બનાવટ (રૂહાની નિર્માણ) તરફ છે અને તેની આ બનાવટ તેનું આ નિર્માણ તે વખતે શરૂ થઈ જાય છે જ્યારે કે એક ખણ ખણ કરતી ઝીણી ઝંકાર (ઝીણો અવાજ) તેના કાનોમાં સંભળાય છે. આ અવાજ શું છે ? અસરાફીલ ફરીશ્તાના સુર (ફુંકવાનો) વગાડવાનો આરંભ છે જેની શરૂઆત વારંવાર કાનમાં ધ્વની પડવાથી થાય છે. આ જીસ્માની સૃષ્ટી (શરીર ધરાવનાર પ્રાણી)ના સર્જનની નીશાની થઈ. જે માનવીના શરીરના વસીલાથી (શરીરના મારફત) છે અને રૂહાની સૃષ્ટીના સર્જનની બાબત એ છે કે એ જ માનવીની ઉચ્ચતર રૂહાનીયતથી આ રૂહાની સર્જન (રૂહાની સૃષ્ટી પેદા) કરવામાં આવ્યું એટલે કે ખામોશ (ચૂપ), સમજદાર અને રંગવિહોણી રૂહાનીયતથી જેમ આગ બે પ્રકારની હોય છે. નજરે આવનાર અને નજરે ન આવનાર એટલે કે એક તો જવાળાઓ અને અગ્નિના સ્વરૂપમાં હોય છે જેમાં ગરમી, પ્રકાશ અને રંગ હોય છે અને આ આગ નજરે આવે છે જ્યારે બીજી આગ તે છે કે જે દેખાતી નથી જેમાં ગરમી અને બાળવાની શક્તિ તો હોય છે પણ પ્રકાશ અને રંગ નથી હોતા માટે તે દેખાતી નથી. જેમકે ટેબલ લેમ્પ વિગેરેની જવાળા (પ્રકાશ)ની જરાક ઉપર એવી નજરે ન આવનાર આગ મૌજૂદ

હોય છે કે તેમાં જરાક પણ કાગળના સ્પર્શ થવાથી તે આગ જાહેર થઇ જાય છે (કાગળ બળવા માંડે છે).

**તન્ઝીલ ૯** : તે બન્ને પૂર્વ દિશાઓનો માલિક છે અને બન્ને પશ્ચિમોનો માલિક છે, તો ઓ તમો બેઉ ટોળાંઓ, તમારા રબ્બની કઇ કઇ ન્યામતોને નકારશો.

**તાવીલ** : દીન (મઝહબ) અને રૂહાનીયતમાં પ્રત્યેક ઉપરનો દરજ્જો પૂર્વ છે અને પ્રત્યેક નીચેનો દરજ્જો પશ્ચિમ. એ જ રીતે દીની શિક્ષણમાં પ્રત્યેક ગુરુ પૂર્વ અને પ્રત્યેક શિષ્ય પશ્ચિમ છે કારણ કે હંમેશા તૌહીદ અને શિક્ષણનું નુર (પ્રકાશ) ઊપરના દરજ્જાથી ઊદય પામે છે અને નીચેના દરજ્જામાં અસ્ત થાય છે, માટે એકંદરે અક્લે કુલ અને નફસે કુલની હેસીયતમાં તૌહીદના નૂરની બે પૂર્વ છે અને નાતિક તથા અસાસ એ તેના બે પશ્ચિમ છે અને હંમેશાં તૌહીદના નૂરનો સુર્ય આ બન્નેમાંથી ઉદ્દય પામે છે અને તે બન્નેમાં અસ્ત થતો રહે છે.

**તન્ઝીલ ૧૦** : તેણે બે સમુદ્રો વહાવ્યા છે તે આપસમાં મળે છે, અને તે બન્નેની વચ્ચે એક આડ છે કે જેથી તે બનને ઓળંગી નથી શક્તા (વધી નથી શક્તા) તો ઓ તમો બેઉ ટોળાંઓ તમો તમારા રબ્બની કઇ કઇ ન્યામતોને નકારશો.

**તાવીલ** : આ બે સમુદ્રો રૂહાનીયત અને જીસ્માનીયત છે. ભલાઇ અને બુરાઇ છે. દુનિયા અને આખરત્ત છે વિગેરે કે જે એક બીજાની સાથે છે અને આપસમાં મળેલાં છે અને તે બેઉની વચ્ચે પરદો છે માટે તે બેઉ દરજ્જાઓ પોતપોતાની હેસીયતને ખલાસ કરીને એક બિલકુલ નથી થઇ શક્તા અને તેમને આજ સ્થિતિમાં પેદા

કરવામાં આવ્યા જેમાં ઘણી હીકમતો અને ન્યામતો છે.

**તન્ઝીલ ૧૧** : તે બન્ને (સમુદ્રો)માંથી મોતી તથા પરવાળાં નીકળે છે, તો ઓ તમો બેઉ ટોળાંઓ, તમારા પરવરદીગારની કઇ કઇ ન્યામતોને નકારશો.

**તાવીલ** : એટલે કે હદ્દે રૂહાની અને હદ્દે જીસમાની આ રૂહાનીયત અને જીસમાનીયતના બે સમુદ્રોના મોતી અને પરવાળાં (મોંગા) છે.

**તન્ઝીલ ૧૨** : અને સમુદ્રોમાં ઊંચા ઊંચા પહાડ જેવા ઊભા રહેલા વહાણો પણ તેના જ છે, તો અય તમો બેઉ ટોળાંઓ તમો તમારાં પરવરદીગારની કઇ કઇ ન્યામતોને નકારશો.

**તાવીલ** : આ વિશાળ અને પહોળી કાયનાત ઝીણા આકાશી શરીર એટલે કે ઇથરનો એક અતીશય મહાન દરિયો છે અને તેમાં જેટલાં ગ્રહો, સીતારાઓ મૌજૂદ છે તે દરેક (તે સઘળા) ખુદા તઆલાના વહાણ છે અને તેમાંથી એક વહાણ પૃથ્વી છે.

**તન્ઝીલ ૧૩** : જેટલાં પણ લોકો (દરેક વસ્તુ) કે જે પૃથ્વીના પટ ઉપર મૌજૂદ છે તે સઘળી નાશ પામનાર છે અને તમારા પરવરદિગારની પ્રભાવશાળી અને કૃપાવંત જાત (માત્ર) બાકી રહેનાર છે, તો ઓ જીન અને ઇન્સાનો તમો પોતાના પરવરદિગારની કઇ કઇ ન્યામતોને નકારશો.

**તાવીલ** : (સિવાય સૂર્યના) દરેક ગ્રહ અને સીતારા ઉપર, અલબત્ત કોઇ ને કોઇ સમયે ભરપૂર આબાદી (વસ્તી) હોય છે અથવા

લતીફ શરીર સ્વરૂપમાં સૂત્ટી રહે છે, અને જ્યારે સમય આવે છે ત્યારે સઘળા લોકો નાશ પામે છે પણ અહીં જે નાશ પામવા તરફ ઈશારો કરવામાં આવેલ છે તે ખુદા તઆલાની મહાન ન્યામતોમાંથી છે કારણ કે આ સુરહમાં જગતના પરવરદિગારે વધુ કરીને પોતાની મોટી મોટી કૃપાઓનો ઉલ્લેખ ફરમાવ્યો છે માટે દરેક દુનિયાવાળાઓનું નક્કી કરેલાં સમયે ફના થઇ જવું (નાશ પામવું) એમ છે કે તેઓ શારીરિક (ઘટ્ટ) સ્વરૂપમાંથી પાતળાં-રૂહાની સ્વરૂપમાં બદલાઇ જશે અને પછી ફનાફિલ્લાહ અને બકાબિલ્લાહની સૌથી મોટી ન્યામત અર્પણ થશે પણ આ મહાન પ્રસંગ (બનાવ) કરતાં પહેલાં લોકો અજ્ઞાનતા અને નાદાનીની મૌતથી મરી ચૂક્યા હશે.

**તન્ઝીલ ૧૪** : આકાશો તથા જમીનમાં જે કોઇ છે તે (સઘળા) તેનાથી જ માંગતા રહે છે તે દરરોજ (એટલે કે દરેક વેળાએ) કોઇ ને કોઇ શાનમાં (પ્રવૃત્તિમાં) રહે છે, તો અય જીન અને ઈન્સાનો તમો તમારા રબ્બની કઇ કઇ ન્યામતોને નકારશો.

**તાવીલ** : રૂહાનીયતના આકાશ અને ધરતીમાં તથા ભૌતિકતાની ઊચ્ચતા અને નીચાણપણામાં જેટલી રચનાઓ મૌજૂદ છે તે સઘળી પરવરદિગારથી પોતાની જરૂરતો માગતી રહે છે. દરેક વખતે અને દરેક ઝમાનામાં કોઇ એક શાનમાં (કોઇ પ્રવૃત્તિમાં) હોય છે અર્થાત કે તેના ગુણોના જુદા જુદા જાહેરીપણામાંથી કોઇ જાહેર થાય છે.

**તન્ઝીલ ૧૫** : હે બન્ને ટોળાં ! (જીન અને ઈન્સાન) અમો નજીકમાં જ તમારા માટે ફારેગ થઇએ છીએ, તો ઓ બન્ને

ટોળાંઓ તમો તમારા રબ્બની કઇ કઇ ન્યામતોને નકારશો.

**તાવીલ** : અલ્લાહ તઆલાના ફારેગ થઇ જવાની તાવીલ છે રૂહાનીયતનો ઝમાનો આવવો અને તેમાં સઘળા લોકો રૂહાની શક્તિના ઘેરામાં હશે.

**તન્ઝીલ ૧૯** : હે જીન્નાત અને ઈન્સાનના ટોળાં ! અગર તમારામાં આકાશો તથા પૃથ્વીની હદમાંથી નીકળી જવાની શક્તિ હોય તો નીકળી જાઓ પણ (શક્તિ) જોર વગર નથી નીકળી શકના. તો તમો જીન અને ઈન્સાન પોતાના પરવરદિગારની કઇ કઇ ન્યામતોને નકારશો.

**તાવીલ** : આ ઈશારો છે કે સમય અને સ્થળની કલ્પનાના બંધન અને કેદમાંથી નીકળી જવું દરેક જણના વશમાં નથી સિવાય કે જ્ઞાન અને હીકમત તથા હીદાયત અને માર્ગદર્શનની કુવ્વત વડે અને સખત ઈબાદત તથા અભ્યાસ તથા ગીરીયા વ ઝારીના મારફત. વળી ઈશારો છે કે "સુલતાન" વગર એટલે કે તેના દુનિયામાં આવવાથી પહેલાં જાહેરી અને બાતીની રીતે ઊચ્ચ જગત સુધી પહોંચી જવું શક્ય નથી.

**તન્ઝીલ ૧૭** : તમો બન્ને ઉપર અગ્નિના ભડકા તથા ધુમાડો મોકલવામાં આવશે (છોડવામાં આવશે) પછી (તેને) તમો હટાવી નહી શકો (તમો તમારો બચાવ નહી કરી શકશો) તો અય જીન અને ઈન્સાન તમો તમારા રબ્બની કઇ કઇ ન્યામતોને નકારશો.

**તાવીલ** : રૂહાનીયતની ઊંચાઇઓ તરફ નહી જઇ શકવાના બે કારણો હોય છે. એક તો પ્રાથમિક પ્રકારનો જે ધારદાર પ્રકાશ છે

તે હંમેશાં સામે આવતો રહે છે જેનાથી દીલની આંખ કાળી થઇ જાય છે એટલે કે તેમાં આંખો અંજાઇ જાય છે જેને કારણે માનવી આગળ વધી નથી શક્તો અથવા તો બાતિનમાં તદ્દન અંધારૂં જ અંધારૂં રહે છે. જેમ ધુમાડાનું તોફાન ઉઠે છે.

**તન્ઝીલ ૧૮** : પછી જ્યારે આકાશ ફાટીને તેલની જેમ લાલ થઇ જશે તો તમો બન્ને પોતાના પરવરદીગારની કઇ કઇ ન્યામતોને નકારશો, અને તે દિવસે ન તો કોઇ ઇન્સાનથી તેના ગુનાહો વિષે પૂછવામાં આવશે અને ન તો કોઇ જીનને. તમો બન્ને પોતાના માલિકની કઇ કઇ ન્યામતોને નહી ઓળખશો.

**તાવીલ** : વ્યક્તિગત રીતે હોય અથવા સામુહિક રીતે જ્યારે પણ ક્યામત આવે તો ત્યારે ઇન્સાનની કલ્પનાની સામેથી રૂહાનીયતના ઘણા પરદાઓ હટાવી દેવામાં આવે છે અને અકાશ ફાટી જવાનો અર્થ એજ છે, તે વખતે હૃદયની આંખોની સામે જે પ્રકાશ આવે છે મજકૂર નિશાનીઓ પ્રમાણે લાલ હોય છે.

**તન્ઝીલ ૧૯** : તો તે દિવસે કોઇ ઇન્સાન અને જીનને તેના ગુનાહો વિષે પૂછવામાં નહિ આવે, તો ઓ જીન અને ઇન્સાન તમો તમારા રબ્બની કઇ કઇ ન્યામતોને નકારશો. ગુનેહગાર લોકો તો પોતાની મુખમુદ્રા પરથી જ ઓળખી લેવાશે અને (તેમના) માથાના વાળ અને પગ પકડી લેવામાં આવશે તો અય જીન અને ઇન્સાનો તમો તમારા રબ્બની કઇ કઇ ન્યામતોને નકારશો.

**તાવીલ** : આનો અર્થ છે કે જ્યારે રૂહાની ઝમાનો આવશે ત્યારે તે ઝમાનામાં રૂહાની કેફીયત (રૂહાની પરિસ્થિતિ) જીન અને

ઈન્સાનોના પ્રત્યેક વ્યક્તિ ઉપર તેના આમાલ–તેના કામો મુજબ પસાર થશે અને દરેક કામ પોતે પોતે જ થશે અહી માથાના વાળનો હેતુ છે જાહેરી અને બાતિની હવાસ–હોશ અને પગનો અર્થ છે ખ્યાલો–વિચારો અને ઈબાદતો કે જેના મારફત માનસિક રીતે ચલાય છે (ચાલી શકાય છે). આમ રૂહાનીયત જ્યારે પણ કોઇ ઉપર છવાઇ જાય છે તો તે જાહેર અને બાતિન હવાસ (હોશ), વિચારો અને ફિકર તથા ઈબાદતો અને ઝીકરને પોતાની પકડમાં લઇને છવાઇ જાય છે એટલે કે તે પછી હોશ નથી રહેતો, વિચાર શક્તિ નથી રહેતી, ઝીકરનું ભાન નથી હોતું.

**તન્ઝીલ ૨૦** : આ એ જ દોઝખ છે કે જેને ગુનેહગાર લોકો નકારતા હતા (કબૂલ નહોતા કરતા) તે લોકો દોઝખ અને અનહદ ઉકળતા પાણી વચ્ચે ચક્કર લગાવતા ફરતા રહેશે અને તમો બન્ને પોતાના રબ્બની કઇ કઇ ન્યામતોનો અસ્વીકાર કરશો.

**તાવીલ** : અજાણ–અણગમતી, તકલીફ દેનાર અને સખત પ્રકારની રૂહાનીયત તેઓના માટે દોઝખ છે અને તે રૂહાની વાતો કે જે કોઇને ફના કરી દેવા (કોઇનો નાશ કરી દેવા) માટે નક્કી કરેલી છે તે ઉકળતું–ગરમ પાણી છે.

* * *

# સૂરહ દહર (૭૬)ની અમુક હીકમતો

## બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

**હીકમત ૧ :** શું મનુષ્ય ઉપર એક એવા કાળની મુદ્દત પસાર નથી થઇ કે જ્યારે તે કોઇ વર્ણવવા યોગ્ય વસ્તુ જ ન હતો ? (એટલે કે ઇન્સાનનો અહંમભાવ (અના) આરંભમાં (અઝલમાં) કોઇ પણ વસ્તુ વગરનો અને કોઇ પણ નામ નીશાન વગરનો હતો અને આગળ જતાં પછી એ જ સ્થિતિ તેના ઉપર પસાર થનાર છે.) અહી ઇશારો ફરમાવવામાં આવ્યો છે કે માનવી વસ્તુ અને કંઇ પણ વસ્તુ નહિ (હેતૂ અને વગર હેતુવાળું) તથા ગુણ અને ગુણ રહીતના વર્તુળ ઉપર ફરી રહ્યો છે અથવા એમ કહેવું જોઇએ કે તે હસ્તી અને નીસ્તી (કંઇક હોવું અને કંઇ ન હોવું)ના દિવસ અને રાત્રીમાંથી પસાર થતો રહે છે.

**હીકમત ૨ :** અમોએ મનુષ્યને (સ્ત્રી પુરુષના) મિશ્રિત વીર્યથી પેદા કર્યો કે જેથી અમે તેને અજમાવીએ, પછી અમોએ તેને સાંભળનાર, જોનાર બનાવી દીધો, અર્થાત, જે રીતે સ્ત્રી–પુરુષ બંનેના બીજ (વીર્યથી) મળીને મનુષ્ય પેદા થાય છે તે જ રીતે ઇન્સાનની હકીકત બકા અને ફના (બાકી રહેવું અને નાશ પામવું) એટલે કે હસ્તી અને નીસ્તી બંને ઉપર રહેલી છે. અહી એ પણ વિચારવાનું છે કે હઝરત આદમ (અ.સ.) અને હઝરત ઇસા (અ.સ.) પણ આ સામાન્ય

આદેશ અનુસાર છે કે નહી ? જ્યારે કે મનુષ્ય (ઈન્સાન)ના નામથી કોઈ વ્યક્તિ (માનવી) જુદો નથી હોઈ શકતો.

**હીકમત ૩** : અમોએ તેને (ભલાઈનો અને બુરાઈનો–યોગ્ય અને અયોગ્ય) માર્ગ દેખાડી દીધો પછી તે ઉપકાર માનનારો થાય કે અનુપકારી. (એટલે કે અલ્લાહતઆલાએ એક તરફ તો સાચા હાદીને ખૈર એટલે કે ભલાઈનું સાધન (ભલાઈનો વસીલો) ગણાવ્યો અને બીજી તરફ રસ્તો ભૂલેલા એટલે કે ભટકેલા શૈતાનને બુરાઈ–અયોગ્યતાનું સાધન બનાવ્યો).

**હીકમત ૪** : અમોએ કાફરોના માટે બેડીઓ, તોક અને ભડભડતી આગ તૈયાર કરી રાખી છે (એટલે કે ખોટી માન્યતાઓ, અજ્ઞાનતાની પાછળ પાછળ ચાલવું).

**હીકમત ૫** : નિઃસંશય સદાચારી લોકો શરાબનાં તે પ્યાલા પીશે કે જેમાં કપૂરનું મિશ્રણ હશે (એટલે કે ન ફક્ત આખરતમાં બલ્કે દુનિયામાં પણ તેઓ ઉપર હકીકી ઈશ્કની કેફીયત એટલે કે પરિસ્થિતિ (અસર) છવાયેલી હશે અને તે જ પવીત્ર શરાબમાં કપૂરના મિશ્રણની તાવીલ છે હકીકી મહોબ્બતનું તે લીઝઝતદાર ખાણું કે જે દિલ અને મગજને પ્રકાશિત અને ગુનાહને દૂર કરવા સંબંધે છે. જેમકે શબ્દ કપૂરથી સ્પષ્ટ છે કે તેનો અર્થ છે છુપાવવું અને દૂર કરવું.)

**હીકમત ૬** : એક એવું ઝરણું છે કે જેમાંથી ખુદાના (ખાસ) બંદાઓ પીશે અને જ્યાં ચાહશે ત્યાં વહેવડાવી લઈ જશે (એટલે કે રૂહાની જ્ઞાન–ઈલમ જેનું ઝરણું (મૂળ) એક પવીત્ર કલમમાં છે જેનો ઉલ્લેખ સુરહ ઈબ્રાહીમમાં પણ છે આ પવીત્ર કલમો પોતાની

અર્થપૂર્ણ શક્યતાઓમાં સમાયેલ સરળ સહેલા મેદાનના ઝરણાની માફક છે, કે તેનું પાણી જ્યાં પણ ચાહો ત્યાં વહેવડાવીને લઇ જઇ શકાય છે.

**હીકમત ૭** : આ એ લોકો છે કે જેઓ માનતાઓ પૂરી કરે છે અને તે દિવસથી ડરે છે (બીએ છે) કે જેની સખતાઇ દરેક ઠેકાણે (ઘણા લાંબા પહોળા વિસ્તારમાં) ફેલાએલી હશે. (અર્થાત તેઓ વધારાની અને ખાસ ઇબાદતોને અને આખરતની બીકને પોતાની રીત–પોતાની આદત બનાવે છે. માનતાઓનો અર્થ છે કે કોઇ અકસ્માતને કારણે ગેરવ્યાજબી વસ્તુને પોતાની ઉપર વ્યાજબી કરી લેવું એટલે કે એવી ઇબાદત પોતાની ઉપર ફરજિયાત કરી લેવી કે જે સામાન્ય સ્તરથી ઉચ્ચ છે.)

**હીકમત ૮** : અને તે (અલ્લાહ)ની મહોબ્બતમાં નિરાધાર તથા અનાથ અને કેદીઓને ખાવાનું ખવડાવે છે (કુરાનની સુરહ ૩ આયત ૩૧ પ્રમાણે ખુદાની દોસ્તી અને મહોબ્બતની શરત હઝરત રસુલુલ્લાહ (સ.અ.સ.)ની પૈરવી એટલે કે ફરમાનબરદારી છે માટે સ્પષ્ટ છે કે જે લોકોના અહી વખાણ અને સદગુણ વાર્ણવવામાં આવી રહ્યા છે તેઓમાં આ શરત પૂરી થયેલી છે તેઓ હઝરત રસુલ (સ.અ.સ.)ની અહેલે બૈત (કુટુંબીઓ) તથા હકીકી મોમીનો છે. અહી એ ઇશારો ફરમાવવામાં આવ્યો છે કે ઇમાનવાળાઓની પ્રત્યેક નેકી હકીકી ઇશ્કથી હોવી જોઇએ.)

**હીકમત ૯** : (અને કહે છે કે) અમો કેવળ અલ્લાહની ખુશી માટે જ તમને ખવડાવીએ છીએ તમારાથી અમે ન કોઇ બદલો

માગીએ છીએ અને ન ઉપકાર (આ આયતમાં કુરઆનમાં જે આવ્યું છે "લી વજહીલ્લાહ"નો અર્થ "ખુદાના દીદારને માટે" પણ થઇ શકે છે કે જે મોમીનનો સૌથી મહાન હેતૂ હોય છે અને તેનો સંબંધ ખુદાવંદની સાથે મહોબ્બત-પ્રેમનો છે.

**હીકમત ૧૦** : અમને તો અમારા પરવરદીગારથી તે દિવસનો ડર છે કે જ્યારે મોઢાં પડી ગયા હશે (અને) મોતીયા મરી ગયા હશે એટલે તે દિવસ કે જે અતી ભયંકર અને દુઃખ દાયક હશે. (ક્યામતની સખ્તી અને ભયંકરતાને કારણે).

**હીકમત ૧૧** : પછી અલ્લાહ તેમને તે દિવસની સખ્તાઈથી બચાવી લેશે અને તેમને તાજગી તથા પ્રફુલ્લતા અર્પણ કરશે (એટલે કે મઝહબી જીંદગીની સફળતા અને તેના પરિણામ અને બદલાથી અગણિત ખુશીઓ પ્રાપ્ત થશે.)

**હીકમત ૧૨** : અને તેમણે ધીરજ ધરી (સબર કરી) તેના બદલામાં જન્નત અને રેશમી પોષાક અર્પણ કરશે (ધીરજનો અર્થ છે જાહેરી રીતે અને બાતિની રીતે દીની કામોને પૂરા કરવા બાબત દરેક પ્રકારની તકલીફો સહન કરવી. જન્નત બે પ્રકારની છે નજીવી-(અમુક ભાગની) અને સંપૂર્ણ. નજીવી જન્નત જે છે તે આ દુનિયામાં રૂહાનીયતનો અનુભવ છે અને સંપૂર્ણ જન્નત મોત પછી રૂહાનીયતના જગતની સફળ જીંદગી છે જ્યારે હકીકી મોમનીન નજીવી જન્નતમાં પોતાની રૂહોની ખૂબસુરતી અને શાનોશૌકત (જમાલ અને જલાલ)નો અનુભવ કરે છે તો તેમને ખૂબ જ અજાયબી અને બેહદ ખુશી થાય છે કે તેમની રૂહો અલ્લાહ તઆલાના પવીત્ર નૂરના રંગમાં રંગેલી હોય

છે અને તેમના ઝીણા એટલે કે રૂહાની વ્યક્તિત્વના રૂપનો જલ્વો એવો નજરે પડે છે કે જાણે કે તે રેશમી પ્રકારના નૂરાની કપડાં–નૂરાની વસ્ત્રો પરિધાન કરેલા હોય.)

**હીકમત ૧૩** : ત્યાં તેઓ સિંહાસનો ઉપર તકીયા લગાડીને (બેઠાં) હશે, ન તો ત્યાં (સુરજનો) તડકો જોવામાં આવશે અને ન તો ઠરઠસ્તી ટાઢ. (સિંહાસનોનો મતલબ છે ઈલાહી નામો અને સંપૂર્ણ ક્લમાઓ કે જેની સાથે મોમીનોના વિચારો અને તેમનું ભાન જોડાયેલાં હશે તેમને પોતાને વિચારવા અને કઈ પણ પ્રકારની તકલીફ ઉપાડવાની નહી હશે બલ્કે તે નામો અને ક્લમાઓનું નૂર તેમના વ્યક્તિત્વ અને ઈલ્મી (જ્ઞાનના) રૂપાંતરનું કામ કરશે તડકો અને ટાઢ ત્યાં નહી હોવાનો અર્થ છે તે રાહત અસલમાં રૂહાની પ્રકારની છે ભૌતિક નહી.)

**હીકમત ૧૪** : અને ઘટાદાર વૃક્ષોની છાયા તેમના ઉપર ઝુકેલી હશે અને ફળ–મેવાની લૂમો તેમની ખૂબ નજીક, દરેક પ્રકારે તેમના અખત્યારમાં હશે. (એનો અર્થ છે કે દીનના એ લોકો જેમને ખુદા તરફથી બુલંદી મળી છે જેને હદ્દૂદ દીન કહેવાય છે તેમની સખાવત–તેમના ફાયદાઓ અને તેમની બરકતો જાણે કે ઘટાદાર વૃક્ષોની છાયા છે અને મદદગાર થનાર જ્ઞાન અને હિકમત ફળ અને મેવા છે.

**હીકમત ૧૫** : અને તેમની સામે ચાંદીની સુરાહીઓ અને બિલ્લોરી કાંચના જામનો દોર ચાલી રહ્યો હશે. (અર્થાત જન્નતની શરાબના માટે ચાંદીની સુરાહીઓ અને બિલ્લોરી કાંચના જામ હોવાની તાવીલ એ છે કે હકીકી ઈશ્ક અતીશય પાક–પવીત્ર તજલ્લીઓથી જાહેર

થશે, કે જે અસાસ અને ઈમામના દરજ્જા સંબંધે છે.)

**હીકમત ૧૬** : અને ગ્લાસ એટલે કે જામો પણ (કાંચના નહિ) ચાંદીના હશે કે જે યોગ્ય અંદાજા પ્રમાણે બનાવેલાં છે (એટલે કે તાવીલ વાળી ઝહુરાતની ખાસ વાત યાદ રહે કે સોનું નાતિક્નં સ્વરૂપ છે-નાતિક્નો નમૂનો છે અને ચાંદી અસાસનો અને કાંચ ઈમામનો નમૂનો છે.

**હીકમત ૧૭** : અને ત્યાં તેઓને એવો શરાબ પીવડાવવામાં આવશે કે જેમાં સૂંઠનું મિશ્રણ હશે. (એટલે કે એવી ખુશી અને એવો આનંદ કે જેનું મૂળ બાતિનના જ્ઞાન અને મારફતના ભેદો ઉપર છે જે સૂંઠ (સુકૂં અદરખ) સુવાસિત મૂળીયું છે અને મૂળ (કંદમૂળ) જમીનના બાતિનમાં છૂપાયેલાં હોય છે.)

**હીકમત ૧૮** : આ જન્નતમાં એક ઝરણું છે જેનું નામ સલસબીલ છે (આનો અર્થ છે હાદીએ બરહક (સાચા હાદી)નું નૂર જેમકે "સલ" એટલે કે પૂછ અને "સબીલ" એટલે કે રસ્તો સલ + સબીલ = સલસબીલ (રસ્તાથી પૂછ) એટલે કે હાદીએ બરહકથી હીદાયત મેળવ કેમકે તે જ સીરાતે મુસ્તકીમ એટલે કે ખુદાનો રસ્તો છે.

**હીકમત ૧૯** : અને તેમની સામે નિરંતર એક સ્થિતિમાં (સમાન વયમાં) રહેનારાં નવયુવાન છોકરા ચક્કર લગાવતા હશે, જ્યારે તમો તેમને જુઓ તો એમ ધારી લેશો કે અહી તહી વિખેરાયેલાં મોતી છે. (આનો અર્થ છે કે ન ફક્ત રૂહાની (ઝીણા) શરીરના કણોમાં બલ્કે કાલ્પનિક તજલ્લીઓમાં પણ અને કાયમની એટલે કે અબદી જન્નતમાં પણ).

**હીકમત ૨૦ :** જ્યારે તું (અહી) જોશે પછી (ત્યાં પણ) જોશે તો અસંખ્ય નેઅમતો અને મહાન સલ્તનત તું નિહાળશે. (એટલે કે જન્નતનો નમૂનો દુનિયામાં રૂહની ઓળખ છે પછી મોતના પછી જન્નતની નેઅમતો છે અને છેવટે રૂહાનીયતની મહાન સલ્તનત છે)

**હીકમત ૨૧ :** તે જન્નતીઓ ઉપર ઝીણા રેશમના કપડાં હશે અને કીનખાબના પણ અને તેઓને ચાંદીના કંકણ પહેરાવવામાં આવશે અને તેમનો પાલનહાર તેમને અતીશય પાક શરાબ (પીણું) પીવડાવશે. (રેશમી કપડાનો હેતૂ છે રૂહની નૂરાની તજલ્લીઓ ચાંદીના કંકણનો અર્થ છે કદી ખતમ ન થનાર વર્તુળનું જ્ઞાન અને પાલણહાર શરાબ પીવડાવનાર એટલે કે સાકી હોય તેનો અર્થ છે ખુદાના બોલ અને ખુદાના દીદારનો આનંદ અને ખુશી).

**હીકમત ૨૨ :** આ ચોક્કસપણે તમારા માટે હશે (તમારા પ્રયત્નોના) બદલામાં અને તમારી કોશીષોની કદર કરવામાં આવી છે (એમ કહેવામાં આવશે) આ સઘળાં વખાણ હઝરત રસૂલ (સ.અ.સ.)ની અહેલે બૈતની શાનમાં છે. અને તે જ (અહેલે બૈતના સભ્યો) માનવંતોના વસીલાથી અન્યોને પણ તેમાંથી ભાગ મળી શકે છે)

**હીકમત ૨૩ :** (અય રસૂલ) નિ:સંશય અમોએ તમારા ઉપર કુરાન ટુકડે ટુકડે (ધીમે ધીમે) નાઝીલ કર્યું. (એટલે કે લગભગ ૨૨ વર્ષ ૫ મહિના અને ૧૪ દિવસના અરસામાં કુરઆન નાઝીલ થયું અને કયામતના છેવટ સુધી તેની તાવીલ આવવાનો ક્રમ ચાલતો રહેશે.)

**હીકમત ૨૪ :** માટે તું તારા પરવરદિગારના હુકમની ધીરજથી રાહ જો અને તેઓમાંથી કોઈ ગુનેહગાર અને અનુપકારી

(નાશુકરા)નું કહેવું ન માન. (સ્પષ્ટ છે કે ખુદાના માર્ગદર્શન અને ફેંસલા માટે ધીરજથી વાટ પણ જોવી પડશે પણ હરગીઝ ગુનેહગારો અને કાફરોની વાત નહી માનવી જોઈએ.)

**હીકમત ૨૫** : અને તું સવાર સાંજ તારા પરવરદિગારનું નામ લેતો રહે. (પરવરદિગારના નામનં ઝીકર (રટણ) તો દરેક વખતે કરવું જોઈએ પણ અહી સવાર અને સાંજને મહત્ત્વ અપાણું છે કેમકે વધુ મહત્વતા અને ફાયદો સવાર અને સાંજની ઈબાદતમાં છે. આ અલબત્ત સામાન્ય મોમીનોના માટે છે.

**હીકમત ૨૬** : અને રાત્રીના કોઈ ભાગમાં તેને સીજદો કર તથા રાત્રીમાં લાંબો વખત તેની તસ્બીહ પઢ્યા કર (સીજદાને રાત્રીએ રાખવાનો મતલબ એ છે કે સીજદા ઘણે ભાગે ગીરીયા વ ઝારીના પરિણામ રૂપે હોય છે અને ગીરીયા વ ઝારીનો ઉત્તમ સમય રાત્રીનો છે કે જેથી એકલતામાં ખુદાના વખાણ (મુનાજાત) થઇ શકે અને રાત્રીમાં લાંબો વખત તસ્બીહ પઢવાનો મતલબ છે. પૂરી રાત ઈબાદત કરવી અને ખાસ તે રાત્રીના ઈબાદત કરવી જે રાત્રી વર્ષમાં આવનારી રાતમાંથી સૌથી લાંબી હોય છે આ રાત્રીને ફારસીમાં "શબે યલદા" કહે છે કે જે પાનખર ઋતુની છેલ્લી રાત્રી અને ઠંડીની ઋતુની પહેલી રાત્રી હોય છે જ્યારે સૂર્ય બુર્જ 'જદી'માં દાખલ થવાનો હોય છે એટલે કે ૩૦ ડિસેમ્બરની રાત્રી).

**હીકમત ૨૭** : ચોક્કસપણે તેઓ આ ક્ષણભંગુર (દુનિયા)ને દોસ્ત રાખે છે અને ભારી દિવસને પોતાની પાછળ મૂકી દયે છે (એટલે કે દુન્યવી જીંદગીને પ્રાથમિક્તા આપે છે (પ્રથમ ગણે છે) અને આખરતના કામોને માટે આંખ આડા કાન કરે છે (ભૂલાવી દયે છે).

**હીકમત ૨૮** : અમોએ તેમને પેદા કર્યાં અને અમોએ ન તેમના બાંધા મજબૂત કરી દીધા અને જો અમો ઈચ્છીએ તો તેમના બદલે તેમના જેવા જ (બીજા) લોકો લઈ આવીએ. (અહી નમૂનાની બદલીનો ઉલ્લેખ છે તે ઈન્સાનની અંશત બદલી પણ છે જે કણો-(ટૂકડાઓ)ના બદલી જવાથી બને છે આનો હેતૂ નમૂનારૂપી શરીર પણ છે અને એનો અર્થ એક કોમની જગ્યાએ બીજી કોમનું આવવું પણ છે.

**હીકમત ૨૯** : નિ:સંદેહ આ કુરઆન સરાસર નસીહત છે માટે જે માનવી ચાહે તે પોતાના પરવરદીગાર તરફ પહોંચવાનો રસ્તો ગ્રહણ કરે. (એટલે કે કુરઆનમાં દરેક દરજ્જાની હીદાયત અને નસીહત (શીખામણ) છે, જે કોઈ પણ ચાહે તો પોતાના પરવરદીગારથી જઈને મળી શકે છે.)

**હીકમત ૩૦** : અને જ્યાં સુધી અલ્લાહની મરજી નહી હોય તમો એવું ચાહશો જ નહી, ચોક્કસ પણે અલ્લાહ મહા જ્ઞાની અને ઘણો જ હીકમતવાળો છે. (અર્થાત તમારું ચાહવું પણ અલ્લાહના ચાહવા ઉપર આધારિત છે.)

**હીકમત ૩૧** : જેને ચાહે છે પોતાની રહેમત (કૃપા)માં દાખલ કરી લ્યે છે અને જુલમગારોને માટે તેણે દુ:ખદાયક શિક્ષા તૈયાર કરી રાખી છે. (આ પરથી સ્પષ્ટ થાય છે કે દુન્યવી અને દીની જીંદગીમાં અમુક લોકો તો ખુદાની રહેમતની અંદર રહે અને કંઈક લોકો બહાર અને આ રહેમત હકીકી મહેરબાની અને મહોબ્બત જ છે, અને હકીકી મહોબ્બત જ સર્વ કાંઈ છે.

* * *

# હદીસની અમુક હીકમતો

પુસ્તક "મીફ્તા કુનુઝ અલ સુન્નતા"ના હવાલાથી તેના પાના નંબર ૩૫૨ ઉપર સુહેલ એકેડેમી લાહોરથી થયેલ પ્રકાશન પ્રમાણે સહી બુખારી, સહી મુસ્લીમ, સુનન અલ તીરમીઝી, સુનન ઈબ્ને માજા, તબકાતે ઈબ્ને સાદ, મસ્જીદે મહંમદ બીન ખલીલ અને મસ્નદુત્તયાસીમાં છે કે હઝરત મહંમદ સલ્લમે (સ.અ.સ.) હઝરત અલી અલૈહીસ્સલામને ફરમાવ્યું "અમા તરઝા અન્તકૂન મીની બિમન્ઝીલતી હારૂન મીન મુસા."

**તરજુમો** : શું તમે એ વાતથી રાજી નથી કે તમારો દરજ્જો મારી પાસે એવો હોય કે જેવો હઝરત હારૂનનો હઝરત મુસાની પાસે હતો. આ ઈરશાદ તે વખતે ફરમાવવામાં આવ્યો જ્યારે કે હઝરત પયગંબર સાહેબ તબૂકની લડાઈ માટે તૈયાર થઈને જઈ રહ્યા હતા અને હઝરત અલી (અ.સ.)ને મદીના મુનવ્વરામાં પોતાના પ્રતિનિધિ તરીકે નિયુક્ત કર્યો ત્યારે હઝરત અલી (અ.સ.)એ કહ્યું કે, "આપ મને સ્ત્રીઓ અને બાળકોની સાથે મૂકી જાઓ છો." અમો નીચે જણાવ્યા મુજબ અલ્લાહતઅલા તરફથી મળેલ નેક બુદ્ધિ (તૌફીક) અને મદદ થકી આ હદીસની અમુક હીકમતો વર્ણવીએ છીએ.

**હીકમત ૧** : આ એક એવી હદીસ છે કે જેમાં ઘણું બધું સમાયેલું છે. કારણ કે આ ઈરશાદ પ્રમાણે કુરઆનની તે સઘળી આયતો મૌલાના અલી (અ.સ.)ના ગુણોના પણ સંબંધે થઈ

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

જાય છે કે જે (આયતો) હઝરત હારૂન (અ.સ.)ના સંબંધે છે અને હઝરત અલી (અ.સ.) સમયના (ઝમાનાના) હારૂન છે. સિવાય નબુવ્વતના કારણ કે હઝરત મહંમદ (સ.અ.સ.) પછી કોઇ નબી નથી.

**હીકમત ૨** : ખુદા કુરઆનમાં ફરમાવે છે કે "વ કાલ મૂસા લી ખીહી હારૂન અખલુફની ફી કૌમી વ અસ્લીહ" (૭ : ૧૪૨) અર્થ : હઝરત મૂસાએ (ક્રોહેતૂર પર) જતી વેળાએ પોતાના ભાઇ હારૂનને કહ્યું કે, "મારી પાછળ તમો મારી કોમમાં મારૂં પ્રતિનિધિત્વ કરજો અને સુધારા કરતા રહેજો (એટલે કે મારી તન્ઝીલ અર્થાત જે મારા ઉપર નાઝીલ થયું છે તેની તાવીલ કરતા રહેજો).

અહી જણાયું કે હઝરત અલી (અ.સ.) હઝરત નબી સાહેબ (સ.અ.સ.)ના સાચા પ્રતિનિધિ અને તાવીલના માલિક છે.

**હીકમત ૩** : "અને ચોકકસપણે અમો મૂસા અને હારૂનને ફુરકાન અને પ્રકાશ તથા ઝીકર અર્પણ કરી ચૂક્યા છીએ. મુત્તકી (એટલે કે પરહેઝગારો)ની ભલાઇને માટે (૨૧ : ૪૮)." આ પરથી સ્પષ્ટ છે કે આસમાની પુસ્તકની રૂહાનીયત, નૂર અને ઝીકરમાં, અલી નબીથી અલગ નહી હતા બલ્કે બંન્ને માનવંત હસ્તી એકબીજામાં એવાં ભળેલાં હતાં કે જેમ મૂસા અને હારૂન.

**હીકમત ૪** : અલ્લાહનું ફરમાન છે કે "અમોએ મૂસાને પુસ્તક આપ્યું અને તેની સાથે તેના ભાઇ હારૂનને વઝીર (મદદગાર) તરીકે જોડી દીધો." (૨૫ : ૩૫).

આ પરથી સ્પષ્ટ થાય છે કે જેમ હઝરત હારૂન હઝરત મૂસા (અ.સ.)ના વઝીર હતા તે જ પ્રમાણે હઝરત અલી (અ.સ.) હઝરત

મહંમદ પયગંબર (સ.અ.સ.)ના વઝીર હતા અને સઘળા જાણે છે કે કોઇ બાદશાહનો વઝીર એવો શખ્સ હોય છે કે જે બાદશાહીના વહીવટના સઘળા ભેદ સારી રીતે જાણે છે અને અહી પુસ્તક તથા વઝીરનો એક સાથે ઉલ્લેખ આવ્યો છે જેનો અર્થ એમ છે કે ઝમાનાનો હારૂન આસમાની પુસ્તકની તાવીલના વર્ણન થકી મોમીનોનું માર્ગદર્શન કરતાં પયગંબર સલ્લમની મદદ કરે છે.

**હીકમત ૫** : "અને તેમને તેમના નબીએ (આ પણ) કહ્યું કે તેની (અલ્લાહ તરફની બાદશાહતની ઓળખ એ છે કે તમારી પાસે એ પેટી પહોંચશે કે જેમાં તમારા પરવરદીગાર તરફની સકીના (એટલે શાંતિનું કારણ અને બરકત) અને બચેલી વસ્તુઓ હશે કે જે મુસા તથા હારૂનની ઔલાદે પાછળ મૂકેલી છે. (અને) ફરીશ્તાઓએ તે પેટીને ઉચકેલી હશે. તેમાં તમારા લોકોના માટે એક નીશાની (એટલે કે ચમત્કાર) છે, જો તમો ઈમાન ધરાવતા હોવ (હકીકી મોમીન હોવ) (૨ : ૨૪૮).

અહી એ જાણવું જોઇએ કે આ ઈશારો પણ ઝમાનાના ઈમામની તરફ છે કે તેજ અલ્લાહના તરફથી રૂહાની સત્તા (સલતનત)ના માલિક છે અને તેમના થકીજ મોમીનોને રૂહાનીયતના ભેદોની પેટી (કે જેમાં ચમત્કાર અને પ્રકાર પ્રકારની બરકતો છે) મળી શકે છે, જેમાં હઝરત મહંમદ (સ.અ.સ.)ની આલ અને હઝરત અલી (અ.સ.)ની ઔલાદના જ્ઞાન અને હીકમત મૌજૂદ છે કારણ કે મોમીનોના માટે શાંતિનું કારણ જ્ઞાન, હીકમત અને હીદાયત તથા માર્ગદર્શન સિવાય અન્ય કોઇ વસ્તુમાં નથી.

**હીકમત ૬** : અને બેશક અમોએ મૂસા તથા હારૂન પર પણ ઉપકાર કર્યો હતો અને અમોએ તે બન્નેને તથા તેમની કોમને મહાન મુસીબતમાંથી મુક્તિ આપી હતી અને અમોએ તેમની મદદ કરી હતી જેથી તેઓજ પ્રબળ રહ્યા હતા અને અમોએ તે બન્નેને પ્રત્યક્ષ પુસ્તક આપ્યું હતું અને અમોએ તે બન્નેને સન્માર્ગે ચલાવ્યા હતા (૩૭ : ૧૧૪થી ૧૧૮). આથી સ્પષ્ટ છે કે જે ઉપકાર હઝરત પયગમ્બર સાહેબ (સ.અ.સ.) ઉપર કરવામાં આવ્યા છે તે અલી (અ.સ.) ઉપર પણ છે અને આસમાની પુસ્તક એટલે કુરઆનનું જ્ઞાન અને હીકમત ફક્ત પયગંબર અને ઈમામના જ વસીલાથી મળી શકે છે.

* * *

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

# કુરઆને પાક ઈસ્મે આઝમમાં

એ વાત (એ બિંદુ) સ્પષ્ટ અને પ્રકાશિત સચ્ચાઈઓમાંથી છે કે પવીત્ર કુરઆનનો હેતુ જ્ઞાન અને હીકમત તથા માર્ગદર્શન અને હીદાયત છે એટલે કે કુરાનેમજીદ દુનિયામાં એટલા માટે મોકલવામાં આવ્યું કે લોકો તેની મારફત ખુદા, રસુલ (સ.અ.સ.) અને ઉલીલ અમ્ર (અ.સ.)ની ઈતાઅત એટલે કે તાબેદારી કરે કે જેથી અલ્લાહ તઆલાનો રાજીપો પ્રાપ્ત થાય, જેમાં શરીર અને જાનની સલામતી તથા બન્ને દુનિયાઓની પ્રગતી અને ફાયદાઓ છુપાયેલાં છે.

તમો વિશાળ દિલથી વિચાર કરો કે શું ખુદાના ફરમાનો એટલે કે કલામે ઈલાહી હોવાની હેસીયતે કુરઆન મર્યાદિત હોવું જોઈએ કે અમર્યાદિત ? આ સવાલનો સંતોષકારક જવાબ તમોને સુરહ લુકમાન (૩૧)ની આયત નંબર ૨૭ અને સુરહ કહફ (૧૮)ની આયત નંબર ૧૦૯થી મળશે, હવે ખૂબ વિચાર કરીને તમો એ બતાવો કે જે કંઈ ખુદા તઆલાની પાસે છે શું તે ક્યારેય ખલાસ થાય છે દાખલા તરીકે કુરઆન, જે આ જાહેરી દુનિયામાં નાઝીલ થયું છે ? શું હવે તે ખુદાની પાસે બિલ્કુલ એ જ પ્રકારે મૌજૂદ નથી જેવું કે આરંભમાં (શરુઆતમાં) હતું ? આ વિષે કુરઆનમાં ફરમાવેલું તો એ છે કે જે કંઈ માણસની પાસે છે તે તો ખલાસ થઈ જાય છે અને જે કંઈ ખુદાની પાસે છે તે બાકી રહે છે (૧૬ : ૯૬). આનો અર્થ એમ થયો કે જો કે પવીત્ર કુરઆનનું નૂરાની સ્વરૂપે જાહેર થવું સર્વ પ્રથમ

ખુદાની કલમના રૂપમાં "કુન"ના હુકમથી થયું છે પણ તેમ છતાં તે "કુન" શબ્દમાં એટલે કે સર્વશક્તિમાન હુકમમાં કુરઆનની તે હુકમ થકીની સ્થિતિ અને અસલીયત જેમની તેમ બાકી હતી કેમકે ખુદાની આજ્ઞા (બારીતઆલાનો હુકમ) અનંત (અઝલી અને અબદી) રીતે દરેક શક્યતાઓનું મૂળ છે જે શક્ય વસ્તુઓથી કદી ખાલી નથી.

પછી ઈલાહી કલમના મારફત કુરઆન લોહે મહેફૂઝમાં લખવામાં આવ્યું તે જ સ્થિતિમાં કે જેમાં તે લખાવું જોઈએ પણ કોઈ અક્કલવાળો ક્યારેય એમ નથી કહી શક્તો કે હવે તે કુદરતની કલમમાં કુરઆન રહ્યું નથી કારણ કે તે લોહે મહેફૂઝમાં નાઝીલ થઈ ગયું. અક્કલવાળાઓની કલ્પના પ્રમાણે ઈલાહી કલમની અંદર તે કુરઆન જરાય વધઘટ વગર એ અર્થમાં મૌજૂદ છે કે જાણે કે તે કલમ અક્કલની હસ્તી રાખે છે એટલે કે તે અક્લેકુલ છે. અને જ્યારે અક્કલના તે મૂળમાંથી કોઈ વસ્તુ અલગ થાય છે (બહાર નીકળે છે) તો તેની પરિસ્થિતિ ભૌતિક્તાથી (જડ પદાર્થ કરતાં) વિરૂદ્ધ હોય છે એટલે કે (તે મૂળમાં) તેની જગા ખાલી નથી થતી બલ્કે તે જ વસ્તુ અસલમાં ત્યાં પણ મૌજૂદ હોય છે. અક્લેકુલની ઉપમા કલમથી એટલા માટે દેવામાં આવી છે કે કલમની અંદર લખવાના ગુણનો જે ભંડાર છે તે ખર્ચ થતાં થતાં પણ ઓછો થતો નથી. કલમથી એક વખત જે કંઈ લખાઈ જાય તેજ અગર ચાહે તો હજાર વખત પણ લખી જઈ શકાય છે. આ દાખલા ઉપરથી એ હકીક્ત સ્પષ્ટ થઈ કે પવીત્ર કુરઆન ન ફક્ત આ જાહેરી દુનિયામાં મૌજૂદ છે બલ્કે તે "કુન"ના શબ્દ, ઈલાહી કલમ અને લોહે મહેફૂઝમાં પણ છે.

કુરઆનની ખુદાના હુકમ મુજબની સ્થિતિ અને અક્કલ મુજબની હેસીયતના વર્ણન પછી તેના રૂહાની લખાણનો ઉલ્લેખ આવે છે કે જે લોહે મહેફૂઝમાં છે અને તે માટે સૂરહ બુરૂજ (૮૫)ની આ બે હીકમત સભર આયતોને નજર સામે રાખવી જોઇએ. "બલ હુવ કુરાનુમ્મજીદુન ફી લોહે મહેફૂઝ" (૨૧-૨૨).

અર્થ : બલ્કે તે એક માનવંત કુરઆન છે જે સુરક્ષિત પત્રક (લોહે મહેફૂઝ)માં (અક્ષરશ:) લખેલું છે.

સ્પષ્ટ છે કે લોહે મહેફૂઝમાં કુરઆન રૂહ અને રૂહાનીયત તરીકે લખાયેલું છે અને ન કે જાહેરી અને ભૌતિક લખાણમાં, કારણ કે લોહે મહેફૂઝ નફસેકુલ એટલે કે સર્વેની જાન છે, અને આ સ્થાન ઉપર આપણે કુરઆનના આ રૂહાની અસ્તીત્ત્વને રૂહાની લખાણ પણ કહી શકીએ છીએ. બહરહાલ એ સચ્ચાઇ તો સાફ જાણમાં આવી ગઇ. કુરઆન રૂહાની રીતે લોહે મહેફૂઝમાં હંમેશાને માટે મૌજૂદ છે અને લોહે મહેફૂઝનો અર્થ છે કાયનાતી રૂહનો તખ્તો (એક સુરક્ષિત પત્ર) જેની અંદર ન ફક્ત કુરાનેમજીદ સદાને માટે સુરક્ષિત છે બલ્કે તેની અંદર દરેક વસ્તુની કાયમી સંભાળ કરવામાં આવી છે.

જો તમને આ ખુદાઇ બનાવ વિષે સવાલ થાય કે કુરઆની આયત કેવી રીતે કાયનાતી રૂહમાં લખેલી અને સચવાયેલી છે તો સૂરહ ૪૧ની આયત ૫૩માં જરા ધ્યાનથી જુઓ જેનો સાર અને અર્થ એમ છે કે આ વિશાળ કાયનાત એટલે કે બ્રહ્માંડમાં પણ અને માનવીની જાન-મનની અંદર પણ અલ્લાહ તઆલાની આયતો છુપાયેલી છે જેને સામાન્ય માનવીઓ-લોકો જોઇ નથી શક્તા પણ તેમ છતાં

એક એવો સમય પણ આવનારો છે કે જેમાં ખુદા તેઓને પોતાની એ નીશાનીઓ દેખાડી દેશે. આ ઉપરથી સાબિત થયું કે બ્રહ્માંડના જાહેર અને બાતિનમાં તથા પોતે ઈન્સાનની જાતમાં રબ્બેકરીમની આયતો (નીશાનીઓ) લખેલી છે, પણ ખુદાઈ લખાણ ઈન્સાની લખાણથી બિલ્કુલ અલગ અને અત્યંત ઊચ્ચ છે, અને એ પણ જાણવું જોઈએ કે ખુદાવંદતઆલાની સઘળી આયતો પછી તે બ્રહ્માંડમાં હોય કે વ્યક્તિની અંદર, કુરઆનમાં જો કે તે આયતો નીશાનીઓના અર્થમાં હો અથવા જીવંત ચમત્કારના અર્થમાં, જ્યારે કે કુરઆન ઈલાહી નીશાની પણ છે અને કુદરતી ચમત્કાર પણ, આ એક સાફ સાબિતી છે કે જે લોહે મહેફૂઝમાં કુરઆનના રૂહાની લખાણના વિષે રજૂ કરવામાં આવી.

આથી આગળ વધીને અહી એક સામાન્ય સમજમાં આવે એવી ઉપમા નો ઉલ્લેખ પણ કરવામાં આવે છે અને તે એ છે કે જ્યારે એક દાનીશ્વર, એક અક્કલવાળો માનવી કોઈ પુસ્તક લખે છે તો તે પુસ્તક પુરાતન સમયના સ્વરૂપની જેમ એક જ સમયે ઓછામાં ઓછા ચાર ઠેકાણે મૌજૂદ હોય છે. એટલે કે તે દાનીશ્વરના દિલમાં, મગજમાં પણ, કલમમાં પણ, શાહી **(Ink)**માં પણ અને પુસ્તકના પાના ઉપર પણ જો કે પુસ્તકનું સ્વરૂપ આ ચારે દરજ્જાઓમાં જુદું હોય છે, કેમકે પુસ્તક, લેખકના દીલમાં, મગજમાં જુદા જુદા દરજ્જાઓના વિચારો અને હેસીયતે છે, કલમમાં અક્ષરો તરીકે જુદાં જુદાં હલન ચલનના સ્વરૂપમાં છે, શાહીમાં **(Ink)**માં જ્ઞાન અને હીકમતના મુદ્દાની એક્તા તરીકે છે અને પાના ઉપર **(Final)** નક્કી સ્વરૂપમાં આવેલાં અક્ષરોમાં ફેલાયેલું હોય છે, તો અગર જો કોઈ જલાલી ફરીશ્તો પુસ્તકના સંપૂર્ણ થવા અગાઉ અથવા તેના પછી ખુદાવંદી પ્રકાશમાં

દાનીશ્વર એટલે કે જ્ઞાનીના મગજમાં અને મન ઉપર દ્રષ્ટિ કરે તો તેને વિચારો–લાગણીઓના સ્વરૂપમાં એ જ પુસ્તક મળશે કે જે ત્યાંથી અલગ થઈને અસ્તીત્વમાં આવનાર છે અથવા અસ્તીત્વમાં આવી ચૂક્યું છે એ જ રીતે તે (ફરીશ્તો) કલમના સઘળા હલનચલનનો પણ રૂહાની અને ઈલ્મી અનુભવ કરીને પૂરાં પુસ્તકની વાતો બતાવી શકે છે અને તે ખુદાની આંખોથી દ્રષ્ટિ કરતાં શાહીના બાતિન મારફતે પણ પુસ્તકની પૂરી વિગતો વાંચી શકે છે કે કઇ રીતે તે એક્તાના મુદ્દાએ (ખુદાની એક્તાએ) કે જે દરેક વેળાએ શાહી દ્વારા કલમની અણી (લખાણ માટે વપરાતી નીબ) ઉપર બદલી થઈને આવ્યું અને પોતાના જુદાં જુદાં જાહેરી સ્વરૂપો થકી સઘળા અક્ષરોને સ્વરૂપ આપ્યું.

ઉપર દર્શાવેલ ચાર સ્વરૂપો સિવાય વર્તમાન યુગની એવી ઘણી હકીકતો છે જેની સહાય વડે સાબિત કરી શકાય છે કે કોઇ પણ પુસ્તક ન ફક્ત જાહેરી અને નજરે પડનાર લખાણમાં જ મૌજૂદ હોઇ શકે છે બલ્કે તેની સાથે સાથે તેના બીજાં પણ ઘણા સ્વરૂપો છે, જેમાંથી અમુકમાં તે બોલે છે અને અમુકમાં ખામોશ રહે છે. દાખલા તરીકે ગ્રામોફોનને લઇ લો, જેમાં રેકોર્ડ થઇ ગયા પછી તમો ઇચ્છો તો પુસ્તક બોલે છે નહી તો ખામોશ રહે છે અને તેમાં એક પ્રકારે સુરક્ષિત પણ છે. ટેલીફોન, વાયરલેસ અને રેડીયો ઉપર વિચાર કરો કે શું આ વસ્તુઓ એક પ્રકારના પુસ્તકનું કામ આપી શકે છે કે નહી ? સ્પષ્ટ છે કે ટેપ રેકોર્ડ પણ પુસ્તકનું કામ આપે છે સીનેમા અને ટેલીવીઝન તો રૂહાનીયતના જીવંત પુસ્તકનો એક ઉત્તમ નમૂનો છે. માઇક્રો ફીલ્મ અને ફીશ ફીલ્મ તો પોતે એક પ્રકારનું ખામોશ પુસ્તક છે, પણ આ દરેક વસ્તુઓ ઘણી અજબ અને વિચિત્ર હોવા

છતાં જાહેરી, ભૌતિક અને દુન્યવી છે કે જે બિન અનુભવી (કાચા) અને અપૂર્ણ (જે સંપૂર્ણ નથી) માનવીના પ્રયત્નોથી બનેલ છે કે જે અલ્લાહતઆલાની સંપૂર્ણ કુદરતની સામે તુચ્છ છે, શું તે પછી પણ આપણે કુદરતની કલમ અને લોહે મહેફૂઝને માનવીની બનાવેલી અને ભૌતિક વસ્તુઓની જેમ અક્કલ અને જ્ઞાનના ઊચ્ચ ગૂણથી (બલ્કે તેથી પણ ઊત્તમ ગૂણોથી) ભરેલી નહી સમજશું (ખાલી સમજશું) અથવા તો આપણે કલમ અને લોહે મહેફૂઝને બે મહાન ફરીશ્તા માનશું કે જે અક્લેકુલ અને નફસેકુલ્લ તથા હઝરત મુહમ્મદ (સ.અ.સ.) અને હઝરત અલી (અ.સ.)ના નૂર છે ? આ મુજબ એ બાબત સત્ય છે કે કલમ હઝરત મુહમ્મદ (સ.અ.સ.)ના નૂરનું નામ છે અને લોહે મહેફૂઝ હઝરત અલી (અ.સ.)નું નૂર છે.

એ વાતમાં કોઈ શંકા નથી કે કલમ અને લોહ તથા કુરઆનની રૂહ અને રૂહાનીયત સંબંધે ઈલ્મુલ યકીન એટલે કે ખાત્રીવાળું જ્ઞાન પ્રાપ્ત કરવાને માટે ઉપર દર્શાવેલ ભૌતિક દાખલાઓથી ઘણી મદદ મળી શકે છે. પણ અહી એ બિંદુ પણ (એ વાત પણ) યાદ રહે કે અક્કલ અને રૂહની હકીકત તથા ભૌતિક વસ્તુની હાલત દરમ્યાન આકાશ–પાતાળનો તફાવત જોવા મળે છે, તેમ છતાં જાહેરથી બાતિનમાં જવાને માટે અને અદના (નીચ)ના નમૂનાથી ઊંચ ની હકીકત સમજવાને માટે આજ એક રસ્તો છે કે જેથી આપણે કુરઆનની રૂહાનીયત અને નૂરાનીયતની ઓળખના માટે ઈલ્મુલ યકીનથી ઐનુલ યકીન (એટલે કે નજરે જોઈને ખાત્રી કરવાનું જ્ઞાન)ના તરફ આગળ વધી શકીએ, કે જ્યાં સઘળી હકીકતો, સઘળી સચ્ચાઈઓનો સીધે સીધો અનુભવ થાય છે અને આજ પ્રકારે સઘળી અક્કલની અને રૂહાની વસ્તુઓને ખાત્રીની

આંખ વડે જોવાનું અને ઓળખવાનું નામ મારફત છે જેમાં કુરઆનના સઘળા દરજ્જાઓની મારફત પણ સમાયેલી છે, પણ અમુક લોકોની ધારણા છે ફક્ત ખુદાની જ ઓળખને મારફત કહે છે. જો એ વાત માની લેવામાં આવે તો તેનો અર્થ એમ થશે કે અઝલ, અબદ, લા મકાન–મકાન, લા ઝમાન–ઝમાન, કલમ, લોહ, રૂહ, જન્નત, દોઝખ અને બ્રહ્માંડ તથા તેમાંની મૌજૂદ વસ્તુઓનું બાકી રહેવું અને નાશ પામવું (બકા અને ફના)નો અનુભવ અને તેની ઓળખાણ ખુદાના દીદાર અને મારફતથી પણ વધુ કઠણ (મુશ્કેલ) છે. જો કે આ ધારણા યોગ્ય નથી અને વ્યાજબી એ જ છે કે જે બતાવવામાં આવ્યું છે કે સઘળી અક્કલની બાબતોને ઐનુલ યકીનથી જોવું અને ઓળખવું એનું નામ મારફત છે.

સૂરહ ઝુખરૂફ (૪૩)ની આયત ૩ અને ૪માં ફરમાવેલું છે કે "ઈન્ના જઅલ્ના હુ કુરઆનન અરબીય્યન લઅલ્લકુમ તઅકુલૂન (૪૩ : ૩)" વ ઈન્નહુ ફી ઉમ્મુલ કીતાબી લદ યના લઅલ્લુન હકીમ (૪૩ : ૪)" અર્થ : "અમોએ તેને અરબી ભાષાનું કુરઆન બનાવ્યું છે કે જેથી (અય અરબ લોકો) તમો (સરળતાથી) સમજી લ્યો અને તે અમારી પાસે ઉમ્મુલ કીતાબમાં ઘણી મોટી કદર (બરકત) અને હીકમતવાળું છે." આનો અર્થ એમ થયો કે કુરઆન જ્યાં ઉમ્મુલ કીતાબ (પુસ્તકની માતા) તરીકે ખુદાની હુજુરમાં છે ત્યાં તેથી પણ વધુ આલીશાન અને હીકમત ભરપૂર છે એટલે કે રૂહાની લખાણ અને રૂહાની ભાષામાં છે કે જે હીકમતી ભાષા છે. બીજાં શબ્દોમાં તે જીવંત અને બોલતું છે. અને કુરઆન જે ધરતી ઉપર નાઝીલ થયું ત્યાં અરબી ભાષા છે, કારણ કે ખુદાનો પહેલેથી એ જ કાયદો રહ્યો છે

કે તેણે દરેક પયગંબરને તેની કોમની ભાષામાં મોકલ્યો છે (૧૪ : ૪) અને જાહેરી રીતે હઝરત રસૂલ (સ.અ.સ.)ના સમયના અરબ મુસલમાનોને મુસ્લીમ કોમમાં કેન્દ્રીય સ્થાન પ્રાપ્ત છે અને સઘળા મુસલમાનો એક જ છે અને તેમની કોમી અને રાષ્ટ્રીય બોલી અરબી છે.

હઝરત રસૂલ (સ.અ.સ.)નું ફરમાન છે કે ઉમ્મુલ કીતાબ જાહેરીમાં સૂરહ ફાતેહાનું નામ છે અને બાતિનમાં ઉમ્મુલ કિતાબ અલી (અ.સ.) છે. અને આ બનને હકીકતો પોત પોતાની જગ્યા ઉપર સાચી, યોગ્ય અને વ્યાજબી છે પણ અહી એ સવાલ થઇ શકે છે કે સૂરહ અલહમ્દના વર્તુળમાં જે પ્રકારે શબ્દોને સમાવવામાં આવ્યા છે તે સઘળા ફક્ત એ જ સૂરહના માટે છે અને બાકી કુરઆનનો ભાગ તે પછી સેંકડો પાનાઓ ઉપર ફેલાયેલો છે, તો એ કેવી રીતે શક્ય છે કે આપણે સૂરહ ફાતેહામાં પુરા કુરઆનના સમાઇ જવાની કલ્પના કરીએ ? એનો જવાબ એ છે કે જે રીતે કોઇ વૃક્ષના ફળની ગોટલીમાં ગરભ (મગજ) હોય છે અને તે ગરભની અંદર એક મહાન વૃક્ષ પેદા કરી દેવાની શક્તિ (આવડત) છુપાયેલી હોય છે તે જ રીતે ઉમ્મુલ કીતાબ (સૂરહ ફાતેહા)માં અર્થપૂર્ણ રીતે પુરૂં કુરઆન છુપાયેલું છે.

જે રીતે સૂરહ બકરની આયત નંબર ૨૬૧નો દાખલો છે કે એક જ ઘઉના દાણાથી સાત ડૂંડા અને પ્રત્યેક ડૂંડામાં સો દાણા પેદા થાય છે અને તે હીસાબે એક જ પાકની મોસમ (ફસલ)માં એકના સાતસો દાણા બને છે અને પરિણામ રૂપે તેમાં એટલાં વધારાની શક્યતા છે કે દુનિયાભરની રોપણીના માટે બીજ પૂરતાં થઇ જાય છે,

પણ તે માટે સમય જોઈએ, એ જ પ્રમાણે પરંતુ કશાય વિલંબ વિના ઉમ્મુલ કીતાબના અર્થમાં એક સાથે પૂરા કુરઆનના અર્થ (સમજૂતી) આવેલી છે.

યાદ રહે કે સુરહ ફાતેહાના શબ્દો અને અર્થો એટલાં વિશાળ અને સારમય છે કે તેમાં કુરઆનની સઘળી હકીક્તો અને હીકમતો સમાવી દીધેલી છે, અને એ અલ્લાહ તઆલાની આદત અને રીત છે કે તે પોતાની કુદરતના કમાલથી એક સંપૂર્ણ બ્રહ્માંડને એક નાકનડી વસ્તુમાં સમાવી દે છે અને પછી એક નાનકડી વસ્તુને જગતની અતી ઘણી વિશાળતાની બરાબર ફેલાવી દયે છે, જેમકે તે સદાયથી "કુન"ના એક જ શબ્દથી પૂરી કાયનાત (પૂરૂં બ્રહ્માંડ) પેદા કરે છે અને પછી પૂરાં બ્રહ્માંડ અને તેમાં રહેલી સઘળી વસ્તુઓને એક નાનકડું મોતી બનાવીને એ જ શબ્દ "કુન"માં સમાવી દયે છે. (૯ : ૭૩).

આ વિષયના બારામાં અહી સુધી જે હકીક્તો અને મારફતો વર્ણવવામાં આવી છે તેનાથી સાફ સાફ જાહેર થાય છે કે ઈલાહી કલામ (ઈલાહી બોલ) અમર્યાદ છે અને તેના ઉદ્દભવ થવાના કેટલાંય સ્થાનો છે અને કુરઆનની અમ્રી કેફીયત એટલે આજ્ઞા દેવાની સ્થિતિ "કુન" શબ્દમાં છે. તેનું નૂરાની સ્વરૂપ અને અક્કલી અસ્તિત્વ ઈલાહી કલમમાં છે, તે રૂહાની રીતે લોહે મહેફૂઝમાં છે જે નફસે કુલ્લી એટલે કે સઘળા નફસનો નફસ છે, તેનું અર્થ ભરપૂર મગજ ઉમ્મુલ કીતાબમાં છે અને કુરઆન પોતાના નાઝીલ થવાના સ્વરૂપમાં જેવું હોવું જોઈએ તેવું આ દુનિયામાં જાહેર છે અને આ ભેદ હકીક્તવાળાઓ (સત્ય જાણનારાઓ) સિવાય બીજું કોઈ નથી જાણતું કે ઈમામે મુકીમ હઝરત

મૌલાના અબુ તાલીબ અલૈહી સલ્લમે હઝરત પયગંબર સાહેબને ઈસ્મે આઝમની તાલીમ (ઈસ્મે આઝમની કેળવણી) આપેલ હતી અને તેના મારફતજ હઝરત પયગંબર સાહેબ (સ.અ.સ.) અલ્લાહતઆલાનો ખાસ ઝીકર કરી લેતા હતા જેના પરિણામે આપ નામદાર (સ.અ.સ.) ઉપર કુરઆન નાઝીલ થયું જે આરંભમાં, શરૂઆતમાં કલમ, લોહ, અસરાફીલ, મીકાઈલ અને જીબ્રાઈલના મારફત હતું.

અમો આગળ જણાવી ચૂક્યા છીએ કે જાહેરીમાં સૂરહ ફાતેહા ઉમ્મુલ કીતાબ છે અને બાતિનમાં મૌલા મુર્તઝા અલી (અ.સ.) ઉમ્મુલ કીતાબ છે કારણ કે ઈમામે મુબીન પણ અને લોહે મહેફૂઝ પણ તેઓજ છે, જ્યારે કે નબુવ્વતનું નૂર અકલેકુલ અને ઈમામતનું નૂર નફસેકુલ છે અને જ્યારે કે નબુવ્વતનું નૂર (નૂરે મુહમ્મદી) અર્શે અઝીમ (ખુદાનું મહાન તખત) છે અને અલીનું નૂર પુરાતન કુરસી છે, જે પરથી જણાય છે કે જગતના પરવરદીગારે નૂરે મુહમ્મદીની કલમ વડે નૂરે અલીના લોહે મહેફૂઝ ઉપર કુરઆનમજીદ લખી દીધું છે. પછી કુરઆન ધીમે ધીમે તન્ઝીલ અને તાવીલના સ્વરૂપમાં હઝરત મહંમદ (સ.અ.સ.) સાહેબના વ્યક્તિત્વમાં નાઝીલ થયું અને હઝરત પયગમ્બર સાહેબે ઈસ્મે આઝમના શિક્ષણ મારફત કુરઆનની રૂહ અને રૂહાનીયત એટલે કે અમલી તાવીલની હીકમતોને પોતાના સાચા અને હક્કદાર વારસ એટલે કે જાંનશીન મૌલા અલી (અ.સ.)ના હવાલે કરી દીધી, અને આ મહાન આજ્ઞા ઉપરના અમલનો ક્રમ ઈમામતની અંદર વંશપરંપરાગત ચાલતો રહ્યો એટલે કે દરેક ઈમામે પોતાના જાંનશીન ઈમામને ઈસ્મે આઝમના વસીલાથી કુરઆનની રૂહ એટલે કે નૂર, રૂહાનીયત, નૂરાનીયત અને અમલી તાવીલ સુપ્રત કરી. આ રીત ન

ફક્ત હઝરત પયગંબર સાહેબ (સ.અ.સ.) અને તેવણના જાંનશીન પાક ઈમામોની છે બલ્કે તેઓથી અગાઉ હઝરત ઈબ્રાહીમ (અ.સ.)એ પણ આજ રીત મુજબ અમલ કર્યો હતો, જે માટે ફરમાવેલું છે કે :

"વજ અલહા કલીમતન બ અકીયતન ફી અકીબીહી લઅલ્લહુમ યરજીઉન" (૪૩ : ૨૮) **અર્થ :** અને તેણે (ઈબ્રાહીમે) તેને (રૂહાનીયતને અને ઈમામતને) પોતાના વંશજોમાં કાયમ રહેનાર શબ્દ (એટલે કે ઈસ્મે આઝમ) ગણાવ્યું કે જેથી લોકો (ઈસ્મે આઝમને કારણે) પાછા ફરે (રજૂ થતા રહે). આજ ખુદાના કાનૂનની રીત છે કે જે સઘળા પયગંબરોના માટે નક્કી કરેલી છે, જેમકે ફરમાવેલું છે કે :

"અને જ્યારે અલ્લાહે પયગંબરો પાસેથી વચન લીધું કે હું તમને જે કંઇ પણ પુસ્તક અને હીકમત આપું, પછી તમારી પાસે કોઇ પયગંબર આવે જે સમર્થન આપનાર હશે તે વાતનું કે જે તમારી પાસે છે, તો તમો જરૂર તે રસુલ પર વિશ્વાસ કરજો. તેની મદદ કરજો. (પછી અલ્લાહે) ફરમાવ્યું કે શું તમોએ આ (વાતો)નો એકરાર કર્યો અને તેના સંબંધમાં મારી આજ્ઞા માન્ય રાખી ? તેઓ બોલ્યા કે "અમોએ એકરાર ક્યો." (અલ્લાહે) ફરમાવ્યું કે ત્યારે હવે તમે (એક બીજાના) સાક્ષી રહેજો અને હું પણ તમારી સાથે સાક્ષી પૂરનાર માંહેનો છું. (૩ : ૮૧).

આ મુબારક ફરમાનથી એક તરફ તો એ હકીકતની ખબર પડે છે કે નબુવ્વતના સમયમાં અંબીયા અલૈહીમુસ્સલામનો ક્રમ સંપૂર્ણપણે જોડાયેલો અને કોઇ પણ રીતે કપાયા વગરનો (અતૂટ) ચાલી આવ્યો હતો અને બીજી તરફ એ જણાય છે કે દરેક પયગંબરે પોતાના

પછીના પયગંબર ઉપર ન ફક્ત ભરોસો કર્યો પણ ઈસ્મે આઝમનું શિક્ષણ આપીને દરેક પ્રકારે તેમની મદદ પણ કરી અને એ જ કામ માટે ખુદાતઆલાએ અંબીયા (અ.સ.)થી વચન લીધું હતું.

પયગંબરોને એ જ ઈસ્મે આઝમના વસીલાથી નૂર નૂરાનીયત અને પુસ્તક તથા હીકમત પ્રાપ્ત થઇ હતી કારણ કે મહાન ખુદા પોતાના સારાં સારાં નામોના વસીલાથી સાંભળે છે અને અકલ તથા રૂહની સઘળી બરકતો અલ્લાહતઆલાના ઈસ્મે આઝમમાં છુપાયેલી છે. જેમકે ફરમાવેલું છે કે : "તબારક ઈસ્મુ રબ્બીક ઝીલજલાલી વલ ઈકરામ" (૫૫ : ૭૮). અર્થ : ઘણું જ બરકત વાળું નામ છે જે પ્રભાવશાળી–શાનોશૌકતવાળો અને કરામતવાળો છે. એ જાણવું જોઇએ કે અહી રબ્બના નામનો હેતૂ છે ઈસ્મે આઝમ અને તેનું બરકતવાળું હોવું એટલે કે તે સઘળી જાહેરી અને બાતિની બરકતો કે જે અલ્લાહતઆલાના તરફથી અર્પણ કરવામાં આવે છે, ઈસ્મે આઝમના ભંડારમાંથી મળે છે અને એ જ બરકતોમાં હકીકી મોમીનના માટે આસમાની પુસ્તકનું જ્ઞાન અને હીકમત પણ છે જેનો અર્થ થાય છે કુરઆનની પવીત્ર રૂહ અને રૂહાનીયત એટલે કે અમલી તાવીલ.

સુરહ કમર (૫૪)ની આયત નંબર ૧૭, ૨૨, ૩૨ અને ૪૦માં અલ્લાહતઆલા તાકીદ કરતાં ફરમાવે છે કે "વ લક્દ યસ્સરનલ કુરઆન લીઝ્ઝીકરી મીમ્મુદકરીન" અને અમોએ કુરઆનને બોધ ગ્રહણ કરવા માટે સહેલું કરી દીધું છે, માટે છે કોઇ (યાદ કરનાર) બોધ ગ્રહણ કરનાર ? કુરઆનને યાદ કરવા અને બોધ લેવા માટે સહેલું બનાવી દેવું એ છે કે તે ટૂંકાથી ટૂંકું (નાનેથી નાનું) થઇને ઈસ્મે આઝમમાં

સમાવેલું છે કે જેથી હકીકી મોમીનો સરળતાથી તેનો ઝીકર કરી લ્યા કરે અને પરિણામે તેની રૂહાનીયત દ્વારા કુરઆનની જીવંત અને મોં બોલતી હકીક્તો સામે આવે, અને એ જ કુરઆનની હીકમત અને અમલી તાવીલ છે.

અલ્લાહતઆલાએ હઝરત આદમ (અ.સ.)ને જે નામોનું જ્ઞાન અર્પણ કરેલું તે અસલમાં ઈસ્મે આઝમના પરિણામ અને ફળ સ્વરૂપે હતું અને હઝરત આદમ (અ.સ.)મે નામોના સંબંધે ફરીશ્તાઓને જે ખબર આપી હતી તે પણ કોઈ જાહેરી શિક્ષણ ન હતું બલ્કે અલ્લાહ તઆલાના બુઝુર્ગ નામોનું જ શિક્ષણ હતું જે હઝરત આદમ (અ.સ.)ના આસમાની પુસ્તકની હેસીયત ધરાવતું હતું.

નબુવ્વતના સમયમાં ઝમાનાનો પયગંબરજ ખુદાતઆલાના નૂરાની ઈસ્મે આઝમની હેસીયતે હોય છે અને ઈમામતના કાળમાં સમયનો ઈમામજ એ મરતબો ધરાવે છે અને માનવંત અંબીયાઓ અને ઈમામો અલેહીમુસ્સલામમાંથી દરેક પોતાના વખતના અમુક હકીકી મોમીનોને કોઈ શબ્દનું નામ અર્પણ કરી દયે છે અને એ બાબતમાં જ્યારે એવા મોમીનોને કોઈ પ્રગતી અને સફળતા મળે છે તો તેમને રૂહાનીયતના જુદા જુદા વસીલાઓ (જુદા જુદા સાધનો) મારફત કુરઆનના જ્ઞાન અને હીકમત પ્રાપ્ત થવા લાગે છે. દીનના બુઝુર્ગો હકીક્તો અને મારફતોના જે મોતી વીખેરે છે તે આજ ઈસ્મે આઝમના કારણે છે.

ઈસ્મે આઝમ ખુદા, રસૂલ અને ઈમામે ઝમાનનું નૂર છે, એ જ નૂર કુરઆનની રૂહ અને તેનો પ્રકાશ છે, એ જ રૂહ હીદાયત અને ઈમાનનું નૂર છે, એ જ મોમીનોનું નૂર છે અને એ જ નૂર સીરાજે

મુનીર એટલે કે પ્રકાશિત દીવો છે એનાથીજ ઈમાનવાળાઓના દીલની દુનિયા પ્રકાશિત થઈ જાય છે અને એજ નૂર બ્રહ્માંડના ઉંચાઈ અને નીચાઈનો પ્રકાશ છે.

જ્યારે અલ્લાહના મહાન નામની ખાસ ઈબાદત અને અભ્યાસમાં કોઈ મોમીન બંદો સફળતા મેળવીને ઊચ્ચ દરજ્જા ઉપર પહોંચે છે તો તેના માટે ખુદાની રહેમતોના દરવાજાઓ વિશાળ બની જાય છે. રૂહ અને રૂહાનીયત મોમનથી વાતો કરે છે એક એવું બેનમૂન બ્રહ્માંડ કે જે રૂહાનીયત અને નૂરાનીયતથી ભરેલું છે, જેના પ્રત્યેક ક્ષણ પોતાના હજારગણા જલ્વા અને અતીઘણા પ્રકાશ વડે હૃદયની આંખોને આંજી દયે છે, તે રાત દિવસ મોમીનની સામે રહે છે, તે આ જાહેરી અને ભૌતિક જગતથી વિરૂદ્ધ છે કેમકે તેના ચાર તત્ત્વો છે, અકલ, જાન, તન્ઝીલ અને તાવીલ. તે એક એવું જગત છે કે જેની દરેક વસ્તુ એક બોલતા પુસ્તકની હેસીયત ધરાવે છે અને કેમ ન હોય જ્યારે કે તે રૂહાનીયતની દુનિયા અને ઈસ્મે આઝમની નૂરાનીયત છે અને જ્યારે કે તે કુરાની જ્ઞાન અને હીકમતની જન્નત છે.

અંબીયાઓ અને ઈમામો અલૈહીમુસ્સલામના પગલે પગલે મોમીનની રૂહાની પ્રગતી કે જે ઈસ્મે આઝમના વસીલાથી થઈ શકે છે, તે આ વિષયની સમજણ પ્રમાણે (વિગત મુજબ) છે કે જેનું વર્ણન કરવામાં આવ્યું, પરંતુ હું નથી કહી શક્તો કે મારાથી પવીત્ર કુરઆન અને ઈસ્મે આઝમ જેવી બે મહાન હકીક્તોના વખાણ કરવાનો—તેને યોગ્ય રીતે સમજાવવાનો અને તેના ગુણોને વર્ણવવાનો વ્યાજબી હક અદા થઈ શક્યો છે.

* * *



ISW Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

# હુમાવસ્ત

## (શેખ ફરીદુદ્દીન અત્તારના દીવાનમાંથી)

(૧) હર ચે હસ્ત ઉ વસ્ત વ હર ચે ઉ વસ્ત તુઇ
ઉ તુઇ વ તુ ઉ વસ્ત નીસ્ત દુઇ

**તરજુમો** : (હસ્તીમાં હોવા માટે) જે કંઇ છે એ તે છે અને જે કંઇ તે છે તું છે, બસ તે તું છે અને તું તે છે, કોઇ બીજું નથી.

**ભાવાર્થ** : હઝરત શેખ ફરીદુદ્દીન અત્તાર (ર.અ.) ફરમાવે છે કે ઓ હકીક્તને ચાહનારા તારો હકીકી માશુક ઝમાનાની સઘળી શક્યતાઓની હસ્તી અને તેના હોવા બાબત સર્વ કાંઇ છે અને જે રીતે (દરેક કામોમાં) સર્વ પ્રકારે તે સર્વ કાંઇ છે તે જ પ્રમાણે શક્તિમાં તું સર્વ કાંઇ છે, કારણ કે જે સંપૂર્ણ છે તે અમુક ભાગ ઉપર કાબુ ધરાવે છે અને જે અમુક ભાગ છે તે સંપૂર્ણમાં ભળેલો અને દાખલ થઇ ગયેલો છે એ જ્યારે તે અર્થમાં તે તૂ છે અને તૂ તે છે તો પછી જાણવું જોઇએ કે તેના અને તારા વચ્ચે ખરેખર કોઇ બીજો નથી.

(૨) દર હકીક્ત ચુ ઉ વસ્ત જુમલા તુ હીચ
તુ મજાઝી દો બૈની વ શી નવી.



Institute for Spiritual Wisdom and Luminous Science

**તરજુમો** : જ્યારે હકીકતમાં તે સર્વ કાંઇ છે તો તું કંઇ પણ નથી, તું મિજાઝી રીતે (દુન્યવી પ્રકારે) બે જૂએ છે અને સાંભળે છે.

**ભાવાર્થ** : જ્યારે હકીકતમાં અને અસલમાં એ માની લેવામાં આવ્યું કે હુવલ કુલ્લી એટલે કે સર્વ પ્રકારે તે જ સર્વ કાંઇ છે એ માન્યતા સાચી છે તો પછી ખરેખર તું તારા તરફથી કાંઇ પણ નથી, હા જો તું તેની સાથે એક થઇ શકે છે તો પછી તારામાં પણ એ જ ગુણ આવી જાય છે અને જે રીતે તું તને પોતાને અને એ રૂહાની કે જેને તું જોવા ઇચ્છે છે તેને બે (જુદાં જુદાં) જુએ છે, એ તો તારો જાહેરી અને દુન્યવી અનુભવ છે.

(૩) કી રસી દર વીસાલે ખુદ હરગીઝ
કે તુ પયવસ્તા દર ફીરાકે ખુદી

**તરજુમો** : તું તારા દીદાર સુધી ક્યારે પહોંચીશ, ક્યારેય નથી પહોંચી શક્તો કારણ કે તું હંમેશા પોતાની જુદાઇમાં જકડાયેલો છે.

**ભાવાર્થ** : અત્તાર ફરમાવે છે કે તારી સાચી હસ્તી એ તું નથી કે જે તું અત્યારે ધરાવે છે બલ્કે તે મહેબૂબ પોતે જ તારી અસલ "ખુદી" એટલે કે હસ્તી અને તારી અનંત રૂહ છે જેનાથી મળી જવું તારા માટે ખૂબ જ જરૂરી છે. તેનું તારાથી અલગ હોવું (તારાથી તેની જુદાઇ) એ અસલમાં તારી પોતાનાથી જુદાઇ છે. તું તારા રૂહાની દીદાર સુધી નથી પહોંચી શક્તો કારણ કે તું મન (નફસ)થી લડનાર મુજાહીદથી દૂર રહીને પોતાની

અસલીયતથી દૂર થઇ જાય છે અને પોતાની હકીકી રૂહની જુદાઈમાં પડ્યો રહે છે.

(૪) ઝાં ખબર નીસ્ત અઝ તુઈઇ ખૂ દત
કે તુ તાફૂકે અર્શ તો બ તુઈ

**તરજુમો** : તને તારી પોતાની જાત (અસલ સ્થિતિ) વિષેની ખબર એટલા માટે નથી કે તું (જમીનથી લઈને) અર્શે અઝીમની ઊંચાઇ સુધી સ્તરે સ્તર અને પડ (કપડાની ગડી પડે છે તેમ) છે.

**ભાવાર્થ** : ફરમાવવામાં આવે છે કે તને પોતાની હસ્તી અને તારા અસલની જાણ, (ખબર) એ માટે નથી થઇ શકી કે તારી સંપૂર્ણ હસ્તીના ભાગો ઝમીન એટલે કે નીચેથી લઈને ઉપર એટલે કે અર્શે અઝીમ સુધી એ રીતે અહી તહી અને પડમાં લપેટાયેલાં છે કે તેની સચ્ચાઇ અને અસલીયતને જાણવું તારા માટે ઘણું કઠણ થઈ ચુક્યું છે.

(૫) તા વજૂદે તુ કુલ્લે કુલ ન શુદ
જઝ વ બાશી બીલ્કુલ કુજા ગીર વઇ

**તરજુમો** : જ્યાં સુધી તારી હસ્તી (ફના થઈને) કુલની હકીક્ત ન બને ત્યાં સુધી તું એક ભાગ તરીકે રહેશે (અને) કુલ સુધી કઇ રીતે પહોંચી શકે છે.

**ભાવાર્થ** : અત્તાર અત્રે "ઈન્ના લિલાહી વ ઈન્ના ઈલૈહી રાજેઉન"ની હકીક્તના તરફ ઈશારો કરતાં ફરમાવે છે કે જ્યાં સુધી તું

સંપૂર્ણપણે બાજી દુનિયા (આખરત) તરફ રજૂ થઈને પોતાની હસ્તીના ટીપાને કુલ એટલે કે સંપૂર્ણના સમુદ્રમાં મેળવી નથી દેતો ત્યાં સુધી તું એક ટીપું અને એક ભાગ જ રહેશે અને કુલ સુધી કેમ અને ક્યાંથી પહોંચશે.

(૬) નુક્તા ઈ અઝ તૂ બર તૂ ઝાહીર ગશ્ત
તુ બદાન નુક્તાએ દાઈમન ગીર વઈ

**તરજુમો** : તારા ઉપર તારી હસ્તીમાંથી ફક્ત એક જ બિંદુ જાહેર થયું છે અને તું હંમેશા એ જ બિંદુ તરફ ધ્યાન મગ્ન રહ્યો છે.

**ભાવાર્થ** : તારી સંપૂર્ણ હસ્તીમાંથી હાલ પર્યંત તારા ઉપર ફક્ત એક બિંદુ જાહેર થઈ ચૂક્યું છે એટલે કે તું જે રીતે સંપૂર્ણ છે તેનું તને કોઈ જ્ઞાન નથી ફક્ત એટલું છે કે તું પોતાના જાહેરી વ્યક્તિત્વને જ જાણે છે. એ તો તારી મહાન હસ્તીનું એક નાનકડું બિંદુ છે. અફસોસ છે કે ફક્ત એ જ વિભાગ (થોડા ભાગ)ની હસ્તીના બિંદુ તરફ તું ધ્યાન આપે છે.

(૭) નુક્તાએ તુ અગર બદાયરા રફ્ત
રવ કે કોનૈન રા તુ પેશ રવી

**તરજુમો** : અગર જો તારૂં બિંદુ વર્તુળમાં દાખલ થઈ ગયું તો ચાલ્યો જા કે (હવે) તું હવે બન્ને જગતનો પેશવા અને મુક્તદા છે.

**ભાવાર્થ** : જો કોઇ સદ્દભાગી મનુષ્ય રૂહાની અને મારફતના પ્રકારે પોતાની હસ્તીના બિંદુને સંપૂર્ણ હસ્તીના વર્તુળના કેન્દ્ર સુધી પહોંચાડી દયે છે, તો એવા આરીફે રબ્બાની એટલે કે ખુદાના આશીકથી કહેવામાં આવશે કે જા મુબારક હો, તું હવે બન્ને જગતનો પેશવા બની ગયો છે.

(૮) વર દરેન નુક્તા બાઝ માન્દી તુ
અઈન્ત સીજજીને સઅબ વ ઝીકિ કોવી

**તરજુમો** : અને જો તું એ જ બિંદુમાં રહી ગયો તો એ જ તારી સખત અને ખૂબ ટૂંકી (સાંકડી) દોઝખ છે.

**ભાવાર્થ** : ફરમાવે છે કે જો તને સંપૂર્ણ (બકાએ કુલ) કે જે સદા બાકી રહેનાર છે તેની મારફત પ્રાપ્ત ન થાય અને તું ફક્ત પોતાની જાહેરીયતના બિંદુમાં જ મર્યાદિત રહ્યો તો બસ એ જ સ્થિતિ તારા માટે સખત અને અતી સાંકડી જહન્નમ એટલે કે દોઝખ છે.

(૯) ચું તુ દર નુક્તાએ કીશ્ત બાશી તખમ
ના હુમા ના કે દાયરા દીર વઈ

**તરજુમો** : જ્યારે તું બિંદુમાં (જેટલી જગા છે) કોઇ બીજ રોપે છે તો શું એવું નથી કે તું વર્તુળ ભરીને તેનો પાક લણે છે.

**ભાવાર્થ** : બિંદુથી વર્તુળ કેવી રીતે બને છે તે પરકાર (કંપાસમાંનું વર્તુળ બનાવવાનું સાધન)નો દાખલો આપીને સ્પષ્ટ કરી

શકાય છે, કે પરકાર બિંદુ (મધ્ય-કેન્દ્ર) ઉપર કાયમ રહીને વર્તુળ બનાવે છે તે જ રીતે બિંદુ જેટલી જગામાં બીજ રોપીને એક વર્તુળ જેટલો પાક લણી શકાય છે અને એ મુજબ પોતાની જાતની એટલે કે બિંદુની ઓળખાણ (મારફત) પ્રાપ્ત થવાથી શક્યતાના વર્તુળની બાદશાહી મળી જાય છે તો તેમાં અજબ થવા જેવું શું છે ?

(૧૦) ન તવાં રૂસ્ત અઝ ચુનેન ઝૈકી
જુઝ બ જુઝ રશીદિ નૂર મુસ્તફવી

**તરજુમો** : એવી સાંકડી જગ્યાથી છૂટકારો નથી મળી શક્તો મુહમ્મદ (સ.અ.સ.)ના નૂરના સૂર્ય વગર.

**ભાવાર્થ** : બીજ ભલે કોઇ વૃક્ષનું હોય કે ખેતરના કોઇ પાકનું જ્યારે તે જમીનમાં રોપવામાં આવે છે તો તે બીજ જમીનની અંદર બિંદુ જેટલી સાંકડી અને અંધારી જગ્યામાં બંધ અને મર્યાદિત રહે છે અને તેને દરેક વખતે સૂર્યની ગરમી અને પ્રકાશની સખત જરૂરત પડે છે કે જેથી તે બીજ સાંકડી જમીનથી નીકળીને ઉપર જાય-પ્રગતી કરે અને ફાલે-ફૂલે. બિલ્કુલ એ જ રીતે એક ભાગની હસ્તીના બિંદુની સંકડામણથી કોઇ માનવીને છુટકારો નથી મળી શક્તો પણ આ વખતે જ્યારે કે તેના દિલ અને મગજ ઉપર મુહમ્મદી નૂરનો સૂર્ય, પ્રકાશ પાડવા લાગે છે એવા સદ્દભાગી માનવીની રૂહાની અને ઇલ્મી ઊંચાઇની શરૂઆત થઇ જાય છે.

(૧૧) કર્દ અત્તાર દર ઉલૂ પરવાઝ
તાબદ વ તાકત અખ્તરે બ નૂઇ

**તરજુમો** : અત્તારે ઊંચાઈની તરફ ઉડ્ડયન કર્યું (ત્યારે) કે જ્યારે હઝરત પયગંબર (સ.અ.સ.)ના સીતારાએ તેની ઉપર પ્રકાશ નાંખ્યો.

**ભાવાર્થ** : જ્યારે અંધારી રાતમાં કોઇ મુસાફરની આગળ આગળ કોઇ પ્રકાશિત મશાલ ચાલતી રહેતી હોય તો તેનો હેતૂ અને ઇચ્છા એ હોય છે કે મુસાફર તેની પાછળ પાછળ ચાલ્યો જાય, એ જ રીતે જ્યારે અંબીયાઓના સરદાર હઝરત મુહમ્મદ મુસ્તફા (સ.અ.સ.)ના ઊચ્ચ અને ઇઝ્ઝતવાળા સીતારાએ અત્તારના બાતિન ઉપર પ્રકાશ નાંખ્યો જેથી અત્તાર રૂહાનીયતની હવાઓમાં ઉડ્ડયન કરી ગયો.

* * *

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

خانهٔ حکمت